The Voice Of Gujarat
Multi Language Newspaper

# નમસ્તે ગુજરાત
Namaste Gujarat

Free Copy

February-2021, Page-24 | ન્યુઝીલેન્ડથી પ્રકાશિત થતુ પ્રથમ ગુજરાતી અખબાર | www.namastegujarat.co.nz | Email : info@namastegujarat.co.nz

## મન કી બાતમાં મોદીએ લાલ કિલ્લાની હિંસાનો ઉલ્લેખ કર્યો

## ૨૬ જાન્યુ.એ રાષ્ટ્રધ્વજનું અપમાન જોઈ આખો દેશ દુઃખી

નવી દિલ્હી : પ્રજાસ્તાક દિવસ પર લાલ કિલ્લા પર થયેલી હિંસા પર વડાપ્રધાન મોદીની પ્રતિક્રિયા આવી છે. મોદીએ રેડિયો કાર્યક્રમ ‘મન કી બાત’માં ઉપદ્રવીઓએ ભરેલા પગલાનો ઉલ્લેખ કર્યો છે. વડાપ્રધાને પદ્મ પુરસ્કાર અને ઓસ્ટ્રિલાયમાં ભારતીય ક્રિકેટ ટીમની જીત પર પણ વાત કરી. દિલ્હીમાં ૨૬ જાન્યુઆરીએ તિરંગાનું અપમાન જોઈને, દેશ ઘણો જ દુઃખી છે. ૨૬ જાન્યુઆરીએ હજારો ખેડૂતોએ લાલ કિલ્લાની ચારે તરફ ફેલાઈ ગયા હતા. તેમણે તેમણે એ જગ્યા પર બે ઝંડા લહેરાવી દીધા જ્યાં દર વર્ષે વડાપ્રધાન તિરંગો લહેરાવે છે.

વડાપ્રધાને મન કી બાતમાં કહ્યું, આ મહિને ક્રિકેટ પિચથી સારી ખબર મળી. આપણી ક્રિકેટ ટીમે શરુઆતની તકલીફો પછી સારું કમબેક કરીને ઓસ્ટ્રેલિયામાં સીરિઝ જીતી. આપણા ખેલાડીઓનું હાર્ડવર્ક અને ટીમવર્ક પ્રેરિત કરનારું છે. આ બધાની વચ્ચે, દિલ્હીમાં ૨૬ જાન્યુઆરીએ તિરંગાનું અપમાન જોઈને દેશ ઘણો જ દુઃખી થયો છે. અમે આવનારા સમયમાં ઘણી નવી આશાઓ અને નવીનતાઓથી ભરવાનું છે. અમે પાછલા વર્ષે અસાધારણ સંયમ અને સાહસનો પરિચય આપ્યો. આ વર્ષે પણ અમે ઘણી મહેનત



કરવાના સંકલ્પને સિદ્ધ કરવાનો છે. આપણે દેશને ઝડપી ગતિથી આગળ લઈ જવાનો છે.

રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે પણ ૨૯મી જાન્યુઆરીએ પ્રજાસત્તાક દિવસ પર પ્રદર્શનકારીઓ તરફથી લાલ કિલ્લા પર બનેલી ઘટનાને દુર્ભાગ્યપૂર્ણ ગણાવી હતી. શુક્રવારે સંસદના બજેટ સત્રના અભિભાષણ દરમિયાન આ મુદ્દા પર પોતાનું વક્તવ્ય રજૂ કરતી વખતે લોકોને સંવિધાનના નિયમ-કાયદાનું પાલન કરવાની અપીલ કરી. રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે કહ્યું, પાછલા દિવસોમાં તિરંગા અને પ્રજાસ્તાક દિવસ જેવા પવિત્ર દિવસનું અપમાન ઘણું જ દુર્ભાગ્યપૂર્ણ છે. જે સંવિધાન આપણને અભિવ્યક્તિની આઝાદીનો આધિકાર આપે છે, એ જ સંવિધાન આપણને શીખવે છે કે કાયદો અને નિયમોનું પણ એટલું ગંભીર રીતે પાલન કરવું જોઈએ.

ટ્રેક્ટર પરેડમાં જોડાયેલા આંદોલનકારીઓએ લાલ કિલ્લામાં ઘૂસીને તેના પર કબજો કર્યો હતો અને અહી પોલીસ પર હુમલો કર્યો હતો. તેમની સંખ્યા હજારોમાં હતી. તેઓ અહીં કિલ્લાના ગુંબજ પર ચઢી ગયા હતા અને અહીં ધાર્મિક ઝંડો લહેરાવી દીધો હતો. પ્રદર્શનકારીઓએ કિલ્લાની અંદર ઘણી તોડફોડ કરી હતી. સાઈન બોર્ડ, મેટલ ડિટેક્ટર ગેટ્સ, ટિકિટ કાઉન્ટર અને ખુર્શીઓને નુકસાન પહોંચાડ્યું હતું. ટિકિટ કાઉન્ટર અને એન્ટ્રી ગેટ પર લાગેલા કાચને નુકસાન કર્યું હતું. સ્ટીલની રેલિંગ્સને પણ પ્રદર્શન કારીઓએ નુકસાન પહોંચાડ્યું.

## IPLમાં ૧૫૦ કરોડથી વધુની કમાણી કરનારો ધોની પ્રથમ

મુંબઈ : ટીમ ઈન્ડિયાના પૂર્વ કેપ્ટન એમએસ ધોની દુનિયાના સૌથી સફળ કેપ્ટનમાંના એક છે. વર્ષ ૨૦૨૦ને છોડી દેવામાં આવે તો ધોનીની ટીમ ચેન્નાઈ આઈપીએલમાં બધી ટીમો પર ભારે પડતી હતી. હવે ધોની આઈપીએલમાં ૧૫૦ કરોડથી વધુ કમાણી કરનાર પ્રથમ ખેલાડી બની ગયા છે. ચેન્નાઈ સુપર કિંગ્સએ આ વર્ષે કેપ્ટન ધોનીને આઈપીએલમાં રિટેન કર્યો છે. આ પહેલા તેમની કમાણી ૧૩૭ કરોડ રૂપિયા હતી. તેમની સેલેરી ૧૫ કરોડ છે અને તેવામાં તેમણે આ વર્ષે ૧૫૦નો આંકડો પાર કરી લીધો છે.

૨૦૦૮થી જ ધોની સીએસકેની કેપ્ટન્સી કરી રહ્યો છે. તેમની કેપ્ટન્સીમાં ચેન્નાઈએ ત્રણ વાર આઈપીએલનો તાજ પોતાના નામે કર્યો છે. વર્ષ ૨૦૧૦,૨૦૧૧ અને ૨૦૧૮માં સીએસકે ચેમ્પિયન બન્યું હતું. ધોનીની પાછળ આઈપીએલમાં સૌથી વધુ કમાણી કરનાર ખેલાડીમાં રોહિત શર્મા અને વિરાટ કોહલી છે. જણાવી દઈએ કે રોહિત આઈપીએલમાં કમાણીના મામલે વિરાટથી આગળ છે. મુંબઈના કેપ્ટન રોહિત આઈપીએલના સૌથી સફળ કેપ્ટનમાનો એક છે.

૨૦૧૯નાં ચેમ્પિયન બનતા જ તેઓ ૫ વાર ચેમ્પિયન બનવાની સિદ્ધી પાપ્ત કરી. રોહિત કમાણીના મામલે બીજા સ્થાને છે, આઈપીએલમાં તેમની અત્યાર સુધીની કમાણી ૧૩૧.૬ કરોડ રૂપિયા થઈ છે. રોયલ ચેલેન્જર બેગ્લોરના કેપ્ટન વિરાટ કોહલી આ લીસ્ટનાં ત્રીજા સ્થાને છે. આઈપીએલની આ સિરીઝ બાદ તે રોહિત અને ધોની સાથે ૧૩૦ કરોડની ક્લબમાં સામેલ થઈ જશે. તો વર્ષે ૧૦૦ કરોડની ક્લબમાં સુરેશ રૈના અને એબીડી વિલિયર્સ સામેલ થઈ જશે. રૈનાએ ૨૦૨૧ પહેલા ૯૯.૭ કરોડની કમાણી કરી હતી. આ વર્ષે એબીડી વિલિયર્સની કમાણી ૧૦૨.૫૧ કરોડ થઈ જશે.

## વિશ્વ પર વધુ એક મહામારીનું જોખમ તોળાઈ રહ્યું છે

નવી દિલ્હી : સમગ્ર દુનિયા કોરોના મહામારી સામે ઝઝૂમી રહી છે પરંતુ આ બધા વચ્ચે એક એવા ફંગસથી વૈજ્ઞાનિકો ડરેલા છે જે કોરોનાથી પણ વધુ તબાહી મચાવી શકે છે. આ ફંગસનું નામ કેન્ડિલા ઓરિસ છે. જે બ્લેક પ્લેગ ફેલાવવાનું કારણ બની શકે છે. આ ફંગસ ખુબ જ જોખમી ગણાઈ રહી છે.

વૈજ્ઞાનિકોનું માનવું છે કે કેન્ડિલા ઓરિસ ફંગસ એટલી જોખમી છે કે તે કોરોનાથી પણ મોટી મહામારી લાવવામાં સક્ષમ છે. કારણ કે તે ઝડપથી ફેલાઈ રહી છે. ડિસિઝ કંટ્રોલ એન્ડ પ્રિવેન્શન સેન્ટરના વૈજ્ઞાનિકોએ જણાવ્યું કે કેન્ડિલા ઓરિસ પોતાની જાતને વધુ સારી કરી રહી છે અને મોટાભાગની એન્ટીફંગલ દવાઓને બેઅસર કરી રહી છે. સીડીસી સાથે સંકળાયેલા વૈજ્ઞાનિકોએ કહ્યું કે જો આ ફંગસ હોસ્પિટલોમાં ફેલાઈ ગઈ તો તે ખુબ જ જોખમી બની જશે.

લંડન ઈમ્પિરિયલ કોલેજમાં મહામારી વિશેષજ્ઞ જોહાના રોડ્સે કહ્યું કે કેન્ડિલા ઓરિસ ફંગસ કેન્ડિલા ઓરિસ સપાટી પર લાંબા સમય સુધી પોતાને જીવિત રાખે છે. રોડ્સ વર્ષ ૨૦૧૬માં ઈંગ્લેન્ડમાં ફંગસના કારણે ફેલાયેલા સંક્રમણને કાબૂ કરનારી ટીમમાં સામેલ હતા. તેમણે કહ્યું કે બ્લેક પ્લેગ સાથે તેની સરખામણી એટલા માટે પણ થઈ રહી છે કારણ કે તે બંદરોથી ફેલાયેલી છે.

કોરોના મહામારીએ સમગ્ર દુનિયામાં સ્વાસ્થ્ય સેવાઓમાં ફેલાયેલી કમીઓને ઉજાગર કરી. આ કમીઓને દૂર કરવાની જરૂર છે. કારણ કે આવનારા સમયમાં અનેક મહામારી ફેલાઈ શકે છે. જેમાં પર્યાવરણ પરિવર્તન પણ મહત્વની ભૂમિકા ભજવશે. આવામાં સ્વાસ્થ્ય સેવાઓને પ્રાથમિકતાના આધારે સુધારવી પડશે.

ન્યુઝીલેન્ડના પ્રથમ ગુજરાતી અખબાર નમસ્તે ગુજરાતમાં
આજે જ આપની જાહેર ખબર બુક કરાવો
વધુ માહિતી માટે આજે જ સંપર્ક કરો
namastegujarat7@gmail.com
જાહેરાત તમારી, માધ્યમ અમારૂં
નમસ્તે ગુજરાતની લેટેસ્ટ ઇ કોપી માટે e copy લખીને આ નંબર પર મોકલો અને આજે જ આપની ઇ કોપી મેળવો
+64 219 60 000

# 72nd India Republic day celebrations




26th January 1950 holds a great significance as on this day India's constitution came into effect and became a republic, which signifies complete freedom from any form of foreign rule. Bhartiya Samaj and Roopa Aur Aap Charitable Trust honoured this annual patriotic day at the Senior Citizens meeting at Mt Roskill War Memorial Hall on Saturday, 23rd Jan 2021. More than 250 senior members, respectable dignitaries, community leaders and volunteers were brought together yet again by Bhartiya Samaj to celebrate this day with lot of enthusiasm and patriotism.














Dressed in colourful ethnic dresses, everyone was at their best to welcome the new year and wished each other on this special day. The presence of almighty was felt as everyone joined together in the prayer to thank Almighty for his unconditional love and support.

The celebrations commenced with Bhartiya Samaj Chair, Mr Jeet Suchdev Ji welcoming the gathering and greeting everyone on the occasion of Indian Republic Day. The dignitaries then wished the Indian community and thanked Bhartiya Samaj for their relentless efforts and commendable work to build a strong and connected Indian community. Honorary Consul of India Bhav Dhillon ji in his speech paid respect to Netaji Subhash Chandra Bose on his 124th birthday, on January 23 2021.

This was followed with urfurling of the Indian Tri-color flag by Hon. Bhav Dhillon Ji. Thereafter, the National Anthem was sung in unison by everyone present there which permeated the atmosphere with the patriotic feeling. The cultural programs were put up to pay tribute to Mother India where the performers took pride in glorifying and celebrating the spirit of unity. The dance and singing performances were put up by Bhartiya samaj Senior citizen members, Auckland Tamil Association Dance group, Ella Kumar and her dance group, performance by tinytots of Punjabi Cultural association and live singing by leading singer of Auckland Vidya Teke Ji. The grand finale of the event was a lavish spread of sumptuous lunch served by Bhartiya samaj to everyone present there. Thank you to the performers, organising team and the dedicated volunteers towards the success of the event. A special thanks to our media partner Apna TV and Indian Weekender for live coverage of the event. It was yet another milestone achieved by Bhartiya Samaj charitable Trust in their efforts to keep the community connected to their cultural roots.



# Biggest Indian New Zealand Meetup Marked Their 10th Meetup Celebrating New Year 2021














The Indian New Zealand Meetup has a special story behind it. Rachit Kushwaha, founder and wonder of Indian New Zealand Meetup group, was once completely new to the country, missed home on a dull evening and expressed how he felt to the people. To his surprise, there were hundreds of other fellow Indians feeling the same way who reached out to him. He managed to have a small meetup, so he could cherish his culture. Little did he know, it was just a beginning of creating the country's most successful, energetic and loving ethnic group.

It has managed to cultivate some amazing friendships and connections so far. Many people have benefited positively, considering it their second home. Sometimes all it takes is leaving the boxes we live in, day in, day out and meet people from different walks of life and learn to live out of the box. It's a simple yet powerful idea of bringing all Indian living in Auckland (New Zealand) under one roof every month to engage with each other in a positive and supportive way.

As the New Year 2021 arrived, there was something different in the air. Everyone was feeling enthusiastic about settling back to a normal life after an eventful 2020. The moderators felt a responsibility to help lead the way or perhaps support the smooth transition with celebration. With New Year they marked their 10th Meetup, hence made it a bit special. They awarded some special members who have been significantly supportive in many ways and invited Mr Bhav Dhillon, Consulate of India, Auckland at 10th Indian Auckland Meetup and listened to his speech on "How to Successfully Succeed in your Career & Life in New Zealand." The day ended with amazing music to groove on and cherish the moments of happiness and new-found friendships.

**Written by Apoorva Chawla**

If you have read this far, you must also know that there are plans to organise these meetups in Hamilton, Christchurch, Wellington and Napier. To keep updated join the group below:
https://www.facebook.com/groups/indiannewzealandmeetup

નમસ્તે ગુજરાત
Namaste Gujarat

**Publisher**
Varun Manek

**Editor - in - Chief**
Varun Manek

**Executive Editor**
Amit Bharwad

**Co-Ordinator**
Ashwini Bharwad

**Distributor and marketing**
Jignesh Shah : 0273840062
info@namastegujarat.co.nz

**Digital Marketing**
Jignesh shah : 0273840062
Varun Manek 021960000
email - info@namastegujarat.co.nz

**For Advertisement**
Contact on
Varun Manek : 021960000
0800626600
(0800NAMO00)
info@namastegujarat.co.nz Or
varun@namastegujarat.co.nz

**Disclaimer:** Namaste Gujarat make no warranties or responsible as to the accuracy of the content and assumes no liability or responsibility for any error or commission in the content. Namaste Gujarat is not responsible or liable for any claim made in advertisement or classified. Any questions or comments concerning advertisement or classified within this newspaper should be directed to the Advertiser. The views, advice, opinion and information in letters to the editor, analysis section, legal section or any other article in this publication are those of the writers and do not necessarily represent those of Namaste Gujarat.

આપ આપના શહેરની પ્રેસનોટ અથવા કાર્યક્રમની માહિતી અને ફોટો અમને અમારા નીચેના ઇ-મેઇલ પર મોકલી શકો છો.
info@namastegujarat.co.nz

# ડિજિટલ ક્ષેત્રે ભારતની મોટી સફળતા



ટોક ઓફ ઈન્ડિયા
અમિત ભરવાડ

કોરોના મહામારી વચ્ચે પણ ભારતે અનેક મોટી સફળતા હાંસલ કરી છે. જેમાં વિશ્વના અન્ય દેશોમાં કોરોનાના કારણે તમામ ગતિવિધી રોકાઇ ગઇ હતી ત્યારે ભારતે ધીમી ધીમે તમામ મોટા નિર્ણય કર્યા હતા. આર્થિક ગતિવિધી રોકાઇ ન હતી. કોરોનાના ગાળામાં ડિજિટલ ક્ષેત્રે સૌથી વધારે ઉપયોગ કરવામાં આવ્યો હતો. પેપરલેસ વ્યવસ્થાને મહત્વ મળી રહ્યુ છે. ભારત આધુનિક સમયમાં દુનિયાભરમાં ડિજિટલ ક્રાંતિનુ નેતૃત્વ કરી રહ્યુ છે. આમાં કોઇ બે મત નથી કે ભારત આજે વિશ્વમાં ડિજિટલના ક્ષેત્રમાં સૌથી ઝડપથી આગળ વધી રહ્યુ છે.

ભારતે ૧૯મી શતાબ્દી અને ૨૦મી શતાબ્દીની શરૂઆતમાં ઔદ્યોગિક ક્રાંતિની બે તક ગુમાવી દીધી હતી. આના માટે કેટલાક કારણો જવાબદાર રહ્યા હતા. ત્રીજી વખત પણ ભારતની સામે ટેકનિક સંચાલિત ક્રાંતિનુ નેતૃત્વ કરવાની તક રહેલી હતી. પરંતુ આ તક પણ ભારતે ગુમાવી દીધી હતી કારણ કે આ વખતે ભારતની આર્થિક નીતિઓ ટેકનિકના આધાર પર સમર્થિત ન હતી પરંતુ ભારત આ મામલે સૌભાગ્યશાળી રહ્ય છે કે તે ચોથી ઔદ્યોગિક ક્રાંતિનુ નેતૃત્વ કરી રહેલા દેશોની યાદીમાં ટોપ પર છે.

એક એવી ક્રાંતિ જે ડિજિટલ ટેકનિકથી સંચાલિત છે. સાથે સાથે તેની ગતિ પણ જોરદાર ઝડપી છે. સાથે સાથે કદ પણ મોટા પાયા પર છે. કોઇ પણ ભારતીય વિના આઇડેન્ટિટી ન રહે તેવી ખાતરી કરવા માટે ભારત સરકારે હાલમાં નીતિના સ્તર પર એક મોટુ પગલુ લઇ લીધુ છે. આજે ૯૯ ટકા ભારતીય લોકોની પાસે આધાર કાર્ડ છે. સરકારે આ યુનિક આઇડેન્ટી સિસ્ટમને બેંક ખાતા અને મોબાઇલ નંબરની સાથે જોડી દેવામાં આવ્યા બાદ અનેક કામો થઇ રહ્યા છે. જેનુ પરિણામ આજે એ રહ્યુ છે કે જેએએમની ત્રિપુટી એટલે કે જનધન, આધાર અને મોબાઇલ એટલે કે જેએએમ સંપૂર્ણ નાણાંકીય સમાવેશનના મુળભુત ડિજિટલ આધાર તરીકે છે.

ભારત ઇન્ટરફેસ ફોર મની યુનિફાઇડ પેમેન્ટ ઇન્ટરફેસથી એકલા જાન્યુઆરી ૨૦૨૧માં ૪૦-૫૦કરોડથી વધારેની લેવડદેવડ થઇ ચુકી છે. તમામ બેંકોને ગ્રાહકોની સાથે જોડનાર એક પ્લેટફોર્મ તરીકે ભારત ઇન્ટરફેસ ફોર મની યુનિફાઇડ પેમેન્ટ ઇન્ટરફેસ એટલે કે (બીએચઆઇએમયુપીઆઇ) છે. આ તમામ નેશનલ અને ઇન્ટરનેશનલ ડિજિટલ પ્લેટફોર્મમાં પ્રમુખ છે. સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલા ડિજિટલ ઇનોવેશનનો લાભ સ્ટાર્ટ અપને મળી રહ્યો છે. આ જ કારણ છે કે ભારત આજે સૌથી મોટા સ્ટાર્ટ અપ ઇકોસિસ્ટમના મામલામાં દુનિયામાં ત્રીજા સ્થાન પર છે.

રિટેલ બ્રોકરિંગ, ઇ-કોમર્સ, ફુડ ડિલિવરી અને રાઇડ આધારિત ભારતીય સ્ટાર્ટ અપ આજે સંબંધિત ક્ષેત્રમાં દુનિયાના સૌથી મોટા પ્લેટફોર્મની સાથે સ્પર્ધામાં છે. યુનિક ડિઝાઇન અને ઓચા ખર્ચાળ સમાધાનના કારણે લોકલ માર્કેટમાં તેનો ફેલાવો ખુબ ઝડપથી થઇ રહ્યો છે.ભારતના ઇનોવેશન અને સ્ટાર્ટ અપ વૈશ્વિક સ્તર પર ગ્રાહકોની સેવાના મહત્વકાંક્ષી લક્ષ્યન દિશામાં સફળ રીતે આગળ વધી રહ્યા છે. તમામ ઔદ્યોગિક ક્રાંતિ બાદ આ પ્રકારની અટકળો લગાવવામાં આવી રહી છે કે તે નોકરીને ખતમ કરી દેશે. જો કે આ એક ભ્રમ તરીકે છે. હકીકતમાં ઔદ્યોગિક ક્રાંતિના કારણે નોકરી ખતમ થઇ નથી. જો કે તેના સ્વરૂપ બદલાઇ ગયા છે.

ભારતની ન્યુ ઇકોનોમી નોકરીને વધારી રહી છે. રાઇડ શેરિંગ ઇન્ડસ્ટ્રીઝ તેના શાનદાર દાખલા તરીકે છે. શેયર્ડ ટેક્સીના ઉપયોગની સાથે સાથે ખાનગી વાહનોની માલિક વધી રહી છે. શેયર્ડ કેબ ઇન્ડસ્ટ્રીઝએ ૧૫ લાખ કરતા વધારે રોજગારની તક ઉભી કરી લીધી છે. જે વિરોધ કરનાર લોકોએ ધ્યાનમાં લેવા જેવી બાબત છે. એકલા આ ક્ષેત્રમાં એટલા મોટા પાયે રોજગારીની તક સર્જાઇ ગઇ છે.આ જોબ માત્ર ટિયર-૧ અથવા તો ટિયર-૨ શહેરો સુધી મર્યાદિત નથી. જેમને ડિજિટલ ક્રાંતિની શરૂઆતમાં લાભ થયો હતો તે પૈકી તો કેટલાક ભારતમાં ઓપરેશન ધરાવે છે.

ભારતના સૌથી મોટા કેબ એગ્રીગેટના દેશભરમાં આશરે ૧૭૦ શહેરો અને અન્ય નાના વિસ્તારોમાં હાજરી રહેલી છે. ન્યુ ઇકોનોમીએ એક અલગ પ્રકારના રોજગારને પ્રોત્સાહન આપવામાં ચાવીરૂપ ભૂમિકા અદા કરી છે. એક અલગ પ્રકારની રોજગાર ગિગ ઇકોનોમીને ઉભી કરવામાં ભૂમિકા અદા કરવામાં આવી છે. ગિગ ઇકોનોમી એક એવા વર્ક એન્વાયરમેન્ટને કહેવામાં આવે છે જે સંસ્થાન પૂર્ણ કાલિક કર્મચારીઓના બદલે ફ્રીલાન્સ અને અસ્થાયી કર્મચારીઓને પસંદ કરે છે. આ કર્મચારીઓને લેબર માર્કેટમાં પોતાની ભાગીદારી નક્કી કરવા માટે મુખ્ય પ્લેટફોર્મ ઉપલબ્ધ કરાવે છે. તેઓ નક્કી કરી છે કે તેમના કામના કલાકો કેટલા રહેશે અને કામનો સમય પણ ક્યો રહેશે.

ફુડ ડિલિવરી અને ઇ-કોમર્સ આના શાનદાર દાખલા છે. જે લોકો દ્વારા ડાયરેક્ટ અને ઇનડાયરેક્ટ ચેન બનાવીને લેબર માર્કેટના કદને એક મિલિયન સુધી પહોંચાડી દેવામાં ચાવીરૂપ ભૂમિકા અદા કરી છે.ભારતની ડિજિટલ ક્રાંતિ અલગ પ્રકારની છે. આ માત્ર એવા લોકો માટે વિચારતી નથી જે પહેલાથી જ તેનો ઉપયોગ કરી રહ્યા છે. બલ્કે એવા લોકો અંગે વિચારે છે જે આવનાર સમયમાં આનો ઉપયોગ કરનાર છે. દેશના જુદા જદા દેશોમાં આજે આશરે ૩૧૮૦૦૦ કોમન સર્વિસ સેન્ટર્સ બનાવવામાં આવ્યા છે.

# સર્વેએ કહી દેશના મનની વાત : મોદી પહેલી પસંદ



નવી દિલ્હી : કોંગ્રેસ ભલે કંઇ પણ કહે, પરંતુ કોરોના સંકટ જેવી તમામ મુશ્કેલીઓ છતાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનો જલવો યથાવત છે. દેશની જનતા આજે પણ પીએમ મોદીને એટલો જ પ્રેમ કરે છે અને જો લોકસભા ચૂંટણી કરાવવામાં આવે તો ભાજપ સરળતાથી બહુમતના આંકડાને પ્રાપ્ત કરી લેશે. ઈન્ડીયા ટુડે-કાર્વી ઇનસાઇટ્સના મૂડ ઓફ ધ નેશન સર્વે અનુસાર, મોટાભાગના લોકો કોરોના મહામારીને સંભાળવાના સરકારી પ્રયત્નોથી ખુશ છે અને જો અત્યારે લોકસભાની ચૂંટણી યોજવામાં આવે તો ભાજપ જ તેમની પહેલી પસંદ હશે.

આ સર્વેક્ષણ ૩ જાન્યુઆરીથી ૧૩ જાન્યુઆરી દરમિયાન ૧૯ રાજ્યોમાં કરાવવામાં આવ્યો હતો. આ દરમિયાન કુલ ૧૨,૨૩૨ ઇન્ટરવ્યું કંડક્ટ કરવામાં આવ્યા. સર્વેમાં જાણવા મળ્યું કે ૭૩ ટકા જનતા કોરોના સંકટનો સામનો કરવાના પ્રધાનમંત્રી મોદીના પ્રયત્નોથી સંતુષ્ટ છે. તેને લાગે છે. તેમની પ્રભાવી નીતિઓ અને નિર્ણયોના લીધે ભારતને દુનિયાના બાકી દેશોના મુકાબલે ઓછું નુકસાન થયું. સર્વેક્ષણના પરિણામો અનુસાર ૬૪ ટકા લોકો દ્રઢછ સરકારના અત્યાર સુધીના પ્રદર્શનથી સંતુષ્ટ છે.

જો અત્યારે લોકસભા ચૂંટણી થાય છે, તો ૫૪૩ લોકસભા સીટોમાંથી પીએમ મોદીના નેતૃત્વવાળી એનડીએને ૪૩ ટકા વોટો સાથે ૩૨૧ સીટો મળી શકે છે. તો બીજી તરફ એકલા ભાજપને જ ૩૭ ટકા વોટો સાથે ૨૯૧ સીટો મળવાની સંભાવના છે. યૂપીએ માટે સ્થિતિ વધુ બદલાવાની નથી તેને ૨૭ ટકા વોટો સાથે ૯૩ સીટો મળી શકે છે, જ્યારે એકલા કોંગ્રેસને ફક્ત ૫૧ સીટો પર જ સંતોષ માનવો પડી શકે છે. તો બીજી તરફ અન્ય પક્ષોને ૩૦ ટકા મતો સાથે ૧૨૯ સીટો મળી શકે છે. સર્વેમાં સામેલ ૬૬ ટકા લોકોએ સ્વિકાર્યું કે કોરોનાના લીધે તેમની આવક પર અસર પડી છે. જ્યારે ૧૯ ટકાએ કહ્યું કે તેમને નોકરી ગુમાવવાનો વારો આવ્યો છે. જ્યાં સુધી રાજ્ય સ્તર પર કોરોના સામે લડાઇનો સવાલ છે, ૭૦ ટકા રાજ્ય સરકારોના કામકાજથી ખુશ છે.

# ઈલેક્ટ્રોનિક ઈલેક્ટ્રોલ ફોટો આઈડી કાર્ડની સુવિધા શરૂ

નવી દિલ્હી : જો તમારી પાસે ચૂંટણી કાર્ડની હાર્ડ કોપી નથી તો ચિંતા કરવાની જરુર નથી. હવે તમે તેની સોફ્ટ કોપી ડાઉનલોડ કરી શકશો. આ સુવિધા એવી જ હશે જેવી આધાર કાર્ડ પર મળે છે. જે રીતે તમે ઉડઈની વેબસાઈટ પરથી આધારકાર્ડ ડાઉનલોડ કરી શકો છો, તે જ રીતે ચૂંટણી પંચની વેબસાઈટ પરથી ડિજિટલ વોટર આઈડી ડાઉનલોડ કરી શકશો. ૨૫ જાન્યુઆરી એટલે કે રાષ્ટ્રીય મતદાન દિવસના દિવસે દેશભરમાં ઈલેક્ટ્રોનિક ઈલેક્ટ્રોલ ફોટો આઈડી કાર્ડની સુવિધા શરુ કરવામાં આવી છે. આવો જાણીએ કઈ રીતે તમે વોટર આઈડ ડાઉનલોડ કરી શકો છો.




ચૂંટણી પંચે બે તબક્કામાં આ સુવિધા લોન્ચ કરી છે. પહેલા તબક્કામાં એટલે કે ૨૫ જાન્યુઆરીથી ૩૧ જાન્યુઆરી વચ્ચે, માત્ર નવા વોટર્સ કે જેમણે વોટર આઈડી કાર્ડ્સ માટે અરજી કરી છે અને જેમનો મોબાઈલ નંબર ચૂંટણીપંચ પાસે રજિસ્ટર્ડ છે, તેઓ ડિજિટલ વોટર આઈડી ડાઉનલોડ કરી શકશે. ફેબ્રુઆરીથી તમામ વોટર્સ પોતાના આઈડીની ડિજિટલ કોપી ડાઉનલોડ કરી શકશે. શરત એટલી છે કે તેમનો મોબાઈલ નંબર ચૂંટણીપંચ સાથી લિંક હોવો જોઈએ. જેમનો મોબાઈલ નંબર કમિશન સાથે લિંક નથી, તેમણે ઈસીને પોતાની ડિટેલ્સ રી-વેરિફાઈ કરવાની રહેશે અને મોબાઈલ નંબર લિંક કરવો પડશે. ત્યારે જ તેઓ વોટર આઈડી ડાઉનલોડ કરી શકશે.

ડિજિટલ વોટર આઈડી કાર્ડ્સ પણ આધારની જેમ પીડીએફ ફોર્મેટમાં હશે. જેને ડીજીલોકર પર પણ સ્ટોર કરી શકશો. ડિજિટલ વોટર આઈડી કાર્ડ્સ પર એક સિક્ટોરિટી ક્યૂઆર કોડ હશે જેમાં તસવીરો અને ડેમોગ્રાફિક્સ હશે જેથી તેની નકલ ના થઈ શકે. જો તમારું અકાઉન્ટ ના હોય તો મોબાઈલ નંબર કે ઈમેલ આઈડી દ્વારા તમારું અકાઉન્ટ બનાવી શકો છો. જેના માટે નીચે પ્રમાણેના સ્ટેપ કરવા પડશે. એકવાર અકાઉન્ટ બની જાય પછી લોગઈન કરીને ડીટેલ્સ એન્ટ કરીને લોગઈન કરો. તમને ઈ-એપિક ડાઉનલોડનું ઓપ્શન દેખાશે. જેના પર ક્લિક કરવાથી પીડીએફ ફાઈલ ડાઉનલોડ થઈ શકશે.

# લેન્ડિંગ માટે બે-બે એર સ્ટ્રિપ ધરાવતું યુપી પહેલું રાજ્ય



નવીદિલ્હી : ઉત્તરપ્રદેશની રાજધાની લખનૌથી ગાઝીપુર સુધી બનાવવામાં આવતા પૂર્વાંચલ એક્સપ્રેસ વે પર પણ એર સ્ટ્રીપ બનીને પૂર્ણ થઈ ગઈ છે. ૩૦૦ મીટર લાંબી એર સ્ટ્રિપ સાથે જ યુપી એક્સપ્રેસ વે પર બે એરસ્ટ્રિપ્સ બનાવનાર દેશનું પહેલું રાજ્ય બન્યું છે. અગાઉ, લખનઉ-આગ્રા એક્સપ્રેસ વે પરની એર સ્ટ્રિપ પહેલાથી જ તૈયાર છે.

ઉત્તર પ્રદેશના અધિક મુખ્ય સચિવ અવનીશ અવસ્થીએ કહ્યું કે, ‘અમે વાયુસેનાને અપીલ કરીશું કે તેઓ જલ્દી જ એર સ્ટ્રિપ પર પ્લેન ઉતારીને પરીક્ષણ કરે. પૂર્વાંચલ એક્સપ્રેસ વેના સમાપ્ત થવા પર તમે રાજ્યના પૂર્વ છેડેથી પૂર્વાંચલ એક્સપ્રેસ વે, મધ્યમાં આગ્રા-લખનઉ એક્સપ્રેસ વે, પશ્ચિમમાં યમુના એક્સપ્રેસ વે દ્વારા આખું યુપી એક્સપ્રેસ વે રોડ પરથી પાર કરી શકશો.‘

તેમણે કહ્યું, ‘પૂર્વાંચલ એક્સપ્રેસ વેનું કામ ઝડપથી પૂર્ણ થઈ રહ્યું છે. પૂર્વાંચલ એક્સપ્રેસ વેની ૩૦૦ મીટર લાંબી એર સ્ટ્રિપનું કામ પૂર્ણ થયું છે. રાજ્યમાં એક્સપ્રેસ વે પર બનેલ આ બીજી એર સ્ટ્રિપ છે. દરેક વર્ગના પ્લેન તેના પર ઉતારી શકાય છે. પૂર્વાંચલ એક્સપ્રેસ વે પરની આ એર સ્ટ્રિપ સુલતાનપુર જિલ્લાના કુરેભાર નજીક બનાવવામાં આવી છે. ભારતીય વાયુસેનાએ અગાઉ આગ્રા એક્સપ્રેસ વે પર મિરાજ ૨૦૦૦, જગુઆર, સુખોઇ ૩૦ અને સુપર હર્ક્યુલસ જેવા જહાજો ઉતરીને પરીક્ષણો કર્યા છે. ઉત્તર પ્રદેશની આ બંને એર સ્ટ્રિપથી એરફોર્સ પાકિસ્તાન અને ચીન સામેના યુદ્ધમાં પ્રતિક્રિયા આપી શકે છે.

# વિશ્વમાં કોરોનાના કેસોની સંખ્યા ૧૦ કરોડને પાર થઈ

વોશિંગ્ટન : ચીનના વુહાન શહેરથી આશરે એક વર્ષ પહેલા શરૂ થયેલી કોરોના વાયરસ મહામારીના વિશ્વભરમાં કુલ કેસની સંખ્યા ૧૦ કરોડને વટાવી ગઈ છે. જ્હોન હોપકિન્સ યુનિવર્સિટીના આંકડા મુજબ વિશ્વભરમાં કુલ ૨૧ લાખ લોકો આ રોગચાળાથી મૃત્યુ પામ્યા છે. તેમજ ૫.૫૦ કરોડ લોકો વાયરસને મ્હાત આપીને સ્વસ્થ થઈ ચૂક્યા છે. સરકારોએ કોરોના રોગચાળાના પ્રસારને રોકવા માટે લોકડાઉન, કર્ફ્યુ અને મુસાફરી પર પ્રતિબંધ મૂકવો પડ્યો હતો. લોકોને સામાજિક અંતર જાળવવા કહેવામાં આવી રહ્યું છે. આ રોગચાળાને કારણે વિશ્વની અર્થવ્યવસ્થા વિનાશના ગાળામાં પહોંચી ગઈ છે. ઘણી અસરકારક સારવાર અને રસીઓ પછી પણ કોરોનાના નવા નવા પ્રકાર સામે આવી રહ્યા છે, જેના કારણે બ્રિટન, બ્રાઝિલ, દક્ષિણ આફ્રિકા જેવા દેશોમાં પરિસ્થિતિ બેકાબૂ બની ગઈ છે. કોરોનાના નવા સ્ટ્રેનના આગમનથી હવે આ રોગચાળો ક્યારે સમાપ્ત થશે તે અંગે અનિશ્ચિતતા છે. કોરોનાના સૌથી વધારે કેસ મામલે અમેરિકા પહેલા સ્થાને છે અને ભારત બીજા સ્થાને છે. મોતનાં મામલામાં ભારત અમેરિકા અને બ્રાઝિલથી પાછળ છે. યુકેમાં પરિસ્થિતિ ઘણી વિકટ બની છે, જ્યાં એક લાખ લોકો આ રોગનો ભોગ બન્યા છે. આટલું જ નહીં, આ બીમારીના કેન્દ્ર ચીનમાં ફરી એકવાર આ વાયરસ જોર પકડી રહ્યો છે. મહામારીને કારણે દુનિયામાં કરોડો યુએસ ડોલનું નુકસાન થયું છે. જો રસીનું નિષ્પક્ષ અને વિતરણ સુનિશ્ચિત કરવામાં ન આવે તો, તો વિશ્વને નૈતિક અને આર્થિક આપત્તિનો સામનો કરવો પડશે. આંતરરાષ્ટ્રીય લેબર ઓર્ગેનાઇઝેશને તેના છેલ્લા અહેવાલમાં વિશ્વ શ્રમ બજાર પર રોગચાળાના પ્રભાવનું વિશ્લેષણ કરીને એમ કહીને કહ્યું છે કે ૨૦૨૦માં વિશ્વના કામકાજના કલાકોમાં ૮.૮ ટકા ઘટાડો થયો છે, જેથી શ્રમ આવકમાં ૩૭ ટ્રિલિયન ડોલરનો ઘટાડો થયો છે.

Shreeji
No Cunsultation Charges
After hours & Weekend
Appointments Available
Tapan Patel & Snehal Patel
ACCOUNTANT / TAX AGENT
(IRD Registered)
GST & INCOME TAX RETURN,
PAYROLL SERVICE,
RENTAL RETURN
FINANCIAL STATEMENTS & BOOK KEEPING,
COMPANY FORMATION
65, Mulgan Street, New Windsor, Auckland 0600, Phone : 096267171
Mobile : 021 068 6787 / 021 235 4429 Email : taxagent7@gmail.com

# Never ever underestimate Indians: Justin Langer (Aussie coach)



Sports special
Aakar Vyas



Recently India beat Australia in a thrilling Gabba test match at Brisbane. By winning a Gabba test India won the series by 2-1 and retained the Border-Gavaskar Trophy. This was the first time in 32 years Australia lost a test match at Brisbane. Also, after winning the series by 2-1, India became the first Asian team to beat Australia in their own backyard twice.

The recently concluded India- Australia Test series was a historic for several reasons. It was special series for India because India played a competitive cricket throughout even after being bowled out at 36 in Adeilade. Also winning a test series in Australia with half of the squad being injured and a playing with naïve youngsters makes this series win even special.

India's fighting and never give up approach during the test series won them a praise from all over the world. Let's have a look at what cricket experts from all around the world had to say about India's historic series win against Australia.

## 10 Lesser Known facts about Border-Gavaskar trophy 2020-21

- Jusprit Bumrah batted at number three when India were bowled out for just 36 in Adelaide.
- India has not lost a test match at MCG since last six years.
- Rishabh Pant scored atleast 23 runs during each test inning he played in Australia.
- Rishabh Pant became the fastest Indian Wicket-keeper to score 1000 test runs. He did it in just 27 innings.
- Pujara has most number of balls faced in Australia by a visiting batsman. He faced 2657 balls so far.
- Subhman Gill's current first class average is 66.55
- Jaspreet Bumrah has played 17 matches since he made his debut in 2018 and he is yet to play a test match on Indian soil.

| Test # | Venue | Winner | Winning Margin | Player of the match | Player of the series |
|---|---|---|---|---|---|
| 1 | Adelaide Oval | Australia | Won by 8 wickets | Tim Paine | Pat Cummins |
| 2 | Melbourne Cricket Ground | India | Won by 8 wickets | Ajinkya Rahane | |
| 3 | Sydney Cricket Ground | Draw | | Steve Smith | |
| 4 | Brisbane Cricket Ground | India | Won by 3 wickets | Rishabh Pant | |

**Sachin Tendulkar** @sachin_rt · Jan 19
EVERY SESSION WE DISCOVERED A NEW HERO.
Every time we got hit, we stayed put & stood taller. We pushed boundaries of belief to play fearless but not careless cricket. Injuries & uncertainties were countered with poise & confidence. One of the greatest **series wins**! Congrats **India**.

**AB de Villiers** @ABdeVilliers17
What a Test match! The depth of Indian Cricket is scary. @RishabhPant17 , sweet number 17. Well played young man. #testcricket at its very best
8:41 PM · Jan 19, 2021

**Wasim Akram** @wasimakramlive · Jan 20
Incredible Test & **series win** for **India** have not seen a bold, brave & boisterous Asian team on a tougher tour of Australia. No adversity could stop them, frontline players injured, & won after a remarkable turn around from the depths of 36 all out, inspiring for others.kudos **India**

**VVS Laxman** @VVSLaxman281 · Jan 19
Historic **series win** for Team **India**! Youngsters delivered when it mattered, with Gilll and Pant in the forefront. Hats off to Ravi Shastri and the support staff for their part in this turnaround! So so proud of this bunch, this is one for the ages👏👏👏 #AUSvsIND

**Amit Shah** @AmitShah · Jan 19
Hats off to Indian Cricket Team for registering a historic **series win**. Entire nation is proud of your remarkable achievement.

Well played Team **India**!

**Rohit Sharma** @ImRo45 · Jan 20
An indescribable feeling for an indestructible team. No matter what hardships came our way we made it through. Everyone played fearlessly and it was truly a treat to watch. A game to remember forever. @BCCI

**Sir Vivian Richards** @ivivianrichards · Jan 19
You don't just play & love test cricket for nothing.

Brilliant game. Congratulations **India** on the **win**, & Australia for a great **series**! #Testcricket #AUSvIND

**Kevin Pietersen** @KP24 · Jan 19
Only issue with **India** beating Australia in such an INCREDIBLE manner, is that the Test was played in Brisbane.
A city that doesn't deserve an event so good! 🤣

Pant - the boy who turned into a man today in Australia, in cricketing terms!
👏👏👏👏👏👏👏👏👏👏👏

**Scott Morrison** @ScottMorrisonMP · Jan 20
Congratulations @narendramodi and the Indian Cricket Team on a great win in the test series here in Australia. It was a hard fought contest between the game's best teams and players. Commiserations to @tdpaine36 and our Australian Men's Test Team. They'll be back. #AUSvINDtest


**Michael Vaughan** @MichaelVaughan · Jan 19
The Greatest Test **series win** of all time ... Well done **#India** you have just shown the way for England to get back those Ashes back later in the year ... 👍

# How can I be Content?

PUJYA GURUDEVSHRI RAKESHBHAI

One may ask, 'I am dissatisfied with everything. What can I acquire that will make me content?' The saints reply that so long as you think in terms of acquiring, you will not be content. The thought of acquiring itself is the source of discontentment. Contentment lies in celebrating what you have, while discontentment is a result of desire or greed for what you do not have. Chasing what you do not possess will keep you running around forever, as acquiring everything will never be possible. Discontentment will be the sad story of your life.

Realise that you have been blessed with so much. It is only on account of your greed and ego that you cannot see it. Rejoice and value the life that you have. Be grateful for the many things you have taken for granted. Discontentment will not lead you anywhere. One day death will knock at your door and you will be taken away in the feeling of discontentment. Therefore, awaken! Live with contentment.




### Contentment is Acceptance

One who is content wonders how he has been blessed with such abundance. He feels he has been granted far more than he deserves. He lives in a feeling of gratitude and this itself is contentment. It is acceptance of what is, and the belief that it is enough. This brings happiness and peace. Each day, every moment, he receives gifts from the Lord as torrents of bliss pouring in his heart.

Acceptance is the spirit of a seeker. He surrenders his life unto God like a blank chequebook with a valid signature at the bottom. He allows God to fill in whatever is necessary for him. He has no choice or desire of his own.

Acceptance is blissful. Nothing external can dampen the bliss. Where there are no pre-conditions or desires like, 'it would be nice if this happens'; or 'if that does not happen', there is no choice. Without choice there are no demands and therefore, no anxiety or fear. The mind has no cause for disturbance. The seeker is at peace with whatever happens. There is no need for him to check whether any event is comforting or distressing. There is a unique indifference towards the event itself. His bliss is not dependent on any person, place or situation because he knows that happiness or sorrow, do not come from the external.

### Pain of Non-Acceptance

Non-acceptance and choice cause distress. As soon as someone says, 'I like light, but do not like darkness', he has made a choice. When he has accepted light and not accepted darkness, he has divided everything into two. He has accepted everything in the world that has light and not accepted that which has darkness. It is as if the whole world has been cut apart by a sword into two parts. In this, he will fragment himself; he cannot escape. Life will be miserable.

Accept completely whatever you get, whenever you get it. Remain content. Have no desire for anything other than what you have. If you remain choiceless, nothing can disturb you. Unaffected by events, the one who remains blissful within is a true seeker.

**Our entire running around in the world is because we are not content with what we have. He who is not content with what he has will not be content with what he would like to have. Embark on a journey of soul-searching with Pujyashri Gurudev and emerge a more content, happier individual**

Acceptance out of compulsion is not contentment; rather, it is helplessness, dependency and powerlessness. Sometimes acceptance may be out of lack of another alternative. Such forced acceptance becomes painful. Acceptance can not be succumbing to a situation. It must become an ever flowing, natural feeling within.

### Will Acceptance Lead to Inactivity?

One may question whether acceptance in all situations will make life inert. The Enlightened Ones ask the pertinent question, 'Is the goal of your life happiness and peace or is it to keep your body, mind and speech running amok?' If you yearn to experience absolute peace, your indulgence in the activities of body, mind and speech will certainly reduce. And from the spiritual perspective, this is a virtue. But this inactivity should be a result of active awareness of the Self.

Such inactivity is not dullness or laziness. Glad acceptance that stems from awareness of the Self produces profoundness that results in peace. It does not make you inert. Inertia is an outcome of too much activity just as someone who is running may drop to the ground in exhaustion. With acceptance, the pace of external activities may slow down but it will not bring inertia.

People associate reaching a destination with the speed with which they move. It is believed that the one who runs, arrives faster. However, this does not hold true in the spiritual world. Some spiritual destinations are such that they can be arrived at only by moving slowly. Some by going deep and becoming still. They are reached not by going somewhere but by not going anywhere; not by running around but by becoming steady.

Those in a hurry to reach somewhere, to attain something can be called the sensual ones. They want to arrive at their goal by acquiring material pleasures. Those eager to run away from somewhere are like ignorant renunciates who wish to escape the world for fear of getting caught up in it. Both wish to run. However, the spiritual one does not wish to run anywhere. He remains completely content, relaxed, peaceful and steady. His external activities are guided by destiny. He travels only wherever and as much as life takes him. On his own he has no desire to go anywhere.

Once there were three cows walking on the road. The first was being pulled by a rope tied around its neck. The second was being goaded ahead with a stick. The third was walking calmly on its own. The sensual dissatisfied one, dragged by his desires towards their fulfilment is like the first cow. The ignorant renunciate, like the second cow, is pushed ahead by the fear of being trapped in sensual pleasures and worldly relations. The former wants to reach somewhere. For the latter, reaching is not important, but he fears getting stuck where he is, and so wants to run away. The third cow strolls along. It is neither being pulled by a rope nor pushed with a stick by anyone. It is free. It walks in sheer joy with nowhere to reach. It does not want to be released from anywhere. It does not even stop en route. It is living a natural, spontaneous life. In the same way, the true seeker's life is like a river flowing between the banks of joy and sorrow. It does not stop anywhere. He remains unaffected and moves ahead in bliss.Whatever happens, he accepts all completely, living a spontaneous life.

### Feeling of Gratitude

A spontaneous life means living moment to moment. Living life completely, a life of profundity, in the now. In this, there is happiness, pleasantness and festivity. That alone is the path of liberation.

Man complains only because he is not content with what he has. If he gets hurt and fractures his leg, he complains. If his leg were so important, one wonders why he failed to thank God when his leg was normal and yet reacts when his leg is injured. One day you are hurt so you complain, and for years, nothing went wrong but there was no expression of gratitude. It appears as though you are determined to remain discontent, sad and depressed. Infinite bliss has been bestowed upon you, but you remain unaware of it. If you cultivate the feeling of gratitude, you will always remain content and happy. Therefore, strengthen the feeling of gratitude.

A spiritual seeker is one whose way of thinking and living has been transformed. In whatever he sees and whatever he gets, his connection with God is not lost. His joy never disappears; instead, it keeps increasing. He does not become depressed. Ever joyful, he is content, satisfied and has no demands. He always feels blessed.

To remain content and happy is an art. It is not a gift from destiny. It is a reward from the Sadguru, the fruit of His grace. It is the result of the practice of His teachings. Whether standing, sitting, eating, drinking, one who can remain content alone receives an open invitation from the Supreme Self.

# વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બજેટને આવકાર્યું

# અસામાન્ય પરિસ્થિતિઓમાં આત્મનિર્ભરતાનું વિઝન : મોદી

નવી દિલ્હી : નાણાં મંત્રી નિર્મલા સીતારમને બજેટ રજૂ કર્યું હતું. જ્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બજેટને આવકારતાં કહ્યું કે, વર્ષ ૨૦૨૧નું બજેટ અસામાન્ય પરિસ્થિતિઓ વચ્ચે રજૂ કરવામાં આવ્યું છે. આમાં દેશમાં કૃષિ ક્ષેત્રને મજબૂતી આપવા માટે, ખેડૂતોની આવક વધારવા માટે ઘણું જોર આપવામાં આવ્યું છે. ખેડૂતોને સરળતાથી વધુ લોન મળી શકશે. દેશની મંડીઓને વધુ મજબૂત કરવા માટે જોગવાઇ કરાઇ છે. આ તમામ નિર્ણય બતાવે છે કે, આ બજેટના હૃદયમાં ગામ અને ખેડૂત છે.

પીએમ મોદીએ કહ્યું કે, કોરોનાને લીધે કેટલાક એક્સપર્ટ એવું માની રહ્યાં હતાં કે, સરકાર નાગરિકો પર બોજો વધારશે. પરંતુ સરકારે બજેટનું કદ વધારવા પર જોર આપ્યો. આજના બજેટમાં આત્મનિર્ભરતાનું વિઝન પણ છે અને દરેક વર્ગનો સમાવેશ પણ કરાયો છે. અમે આમાં ગ્રોથ માટે નવી સંભાવનાઓનું વિસ્તરણ કરવું, યુવાઓ માટે નવી તકોનું સર્જન કરવું, માનવ સંસાધનને નવી ઊંચાઇ આપવી, વગેરે સિદ્ધાંતોને લઇને ચાલ્યા છે.

પીએમ મોદીએ કહ્યું કે, આ બજેટમાં એમએસએમઇ અને ઇન્ફ્રાસ્ટ્રક્ચર પર ખાસ જોર આપવામાં આવ્યું છે. આ બજેટ જેવી રીતે હેલ્થ કેર પર કેન્દ્રિત છે, તે પણ અનોખું છે. આ બજેટમાં દક્ષિણના રાજ્યો, પૂર્વોત્તરના રાજ્યો, ઉત્તરમાં લેહ-લદ્દાખ જેવા વિસ્તારોમાં વિકાસ પર ખાસ ધ્યાન આપવામાં આવ્યું છે. સાથે જ તેમણે કહ્યું કે, નિયમો અને પ્રક્રિયાઓને સરળ બનાવીને સામાન્ય લોકોના જીવનમાં ઇઝ ઓફ લિવિંગને વધારવા પર જોર આપવામાં આવ્યું છે. આ બજેટ ઇન્ડસ્ટ્રી, ઇન્વેસ્ટર્સ અને ઇન્ફ્રાસ્ટ્રક્ચર સેક્ટરમાં ખૂબ જ હકારાત્મક બદલાવ લાવશે.


# પ્રથમ ડિજિટલ વસતી ગણતરી માટે બજેટમાં ૩,૭૨૬ કરોડ

નવી દિલ્હી : કેન્દ્રીય નાણાં મંત્રી નિર્મલા સિતારમને સંસદમાં રજૂ કરેલા બજેટમાં આગામી વસ્તી ગણતરી માટે રૂ. ૩,૭૨૬ કરોડની જોગવાઈ કરી છે. આગામી સેન્સસ દેશનું સૌપ્રથમ ડિજિટલ સેન્સસ હશે તેમ નાણાં મંત્રીએ લોકસભામાં બજેટ રજૂ કરતા જણાવ્યું હતું.નિર્મલા સિતારમને બજેટ સ્પીચમાં જણાવ્યું હતું કે કેન્દ્ર સરકાર રાષ્ટ્રીય ભાષા અનુવાદની પહેલ ઉપર પણ કામ કરી રહી છે. આ ઉપરાંત આગામી પાંચ વર્ષ માટે રૂ. ૪,૦૦૦ કરોડના ખર્ચે ડીપ ઓસન મિશન પણ હાથ ધરાશે. કેન્દ્રીય બજેટમાં સિતારમને વધુમાં ઉમેર્યું હતું કે કરાર સંલગ્ન વિવાદોને ઉકેલવા સમાધાનકારી પદ્ધતિ સહિતના પગલાં પણ લેવાશે. કેન્દ્ર સરકાર નેશનલ નર્સિંગ અને મિડવાઈફરી કમિશન બિલનો પણ પ્રસ્તાવ લાવશે.

કેન્દ્રીય બજેટમાં દેશમાં ડિજિટલ પેમેન્ટના ચલણને પ્રોત્સાહન આપવા રૂ. ૧,૫૦૦ કરોડની યોજનાની પણ જાહેરાત કરવામાં આવી છે. નાણાં મંત્રીએ જણાવ્યું કે છેલ્લા કેટલાક સમયમાં ડિજિટલ પેમેન્ટમાં ઉલ્લેખનીય વધારો થયો છે. ડિજિટલ પેમેન્ટને વધુ પ્રોત્સાહન આપવા માટે બજેટમાં રૂ. ૧,૫૦૦ કરોડની યોજનાનો પ્રસ્તાવ કરાયો છે જેને પગલે ડિજિટલ પેમેન્ટને વધુ આગળ બળ પુરું પાડી શકાશે. નાણા મંત્રીએ ઉમેર્યું હતું કે તેમના ૨૦૧૯ના બજેટમાં નેશનલ રિસર્ચ ફાઉન્ડેશનની સ્થાપનાની દરખાસ્ત કરાઈ હતી. આ માટે જરૂરી પ્રક્રિયાઓ પૂર્ણ કરી લેવામાં આવી છે અને આગામી પાંચ વર્ષમાં રૂ. ૫૦,૦૦૦ કરોડનો ખર્ચ કરાશે. આ સંસ્થાની મદદથી દેશમાં સંશોધનને વેગ આપી શકાશે અને રાષ્ટ્રહિતના મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રિત રહેશે.

# અમેરિકાને સંકટથી ઉગારવા બાઇડેન હવે રુઝવેલ્ટના માર્ગે

વોશિંગ્ટન : અમેરિકાના નવા રાષ્ટ્રપતિ જો બાઈડેને પદ સંભાળ્યાને હજુ બીજું અઠવાડિયું ચાલી રહ્યું છે. આટલા ઓછા સમયમાં તેમણે ટ્રમ્પના નિર્ણયો બદલીને પેરિસ સમજૂતીમાં વાપસી, એચ-૧બી સહિત ૪૫ મોટા આદેશો પર સહી કરી નાખી. સાથે જ ઝડપથી કામ કરવાનો વિક્રમ સર્જ્યો છે. ઝડપથી નિર્ણયો કરવાનું મોટું કારણ બાઈડેનનું હોમવર્ક છે. તેમણે જે સ્થિતિમાં દેશ સંભાળવો પડ્યો છે તેવા સંકટનો ૭-૮ દાયકામાં અમેરિકાના બીજા એકેય રાષ્ટ્રપતિએ નથી કરવો પડ્યો. તેથી તેમણે પદ સંભાળતા પહેલાં ઘણાં અઠવાડિયા સુધી પૂર્વ રાષ્ટ્રપતિ ફ્રેંકલિન રુઝવેલ્ટ અંગેના પુસ્તકો, તેમની આત્મકથા તથા પ્રથમ ૧૦૦ દિવસના કામની પ્રાથમિકતાનો ગહન અભ્યાસ કર્યો.



રુઝવેલ્ટના પગલે ચાલવાનું સૌથી મોટું કારણ ત્યારની અને હાલની સ્થિતિ વચ્ચેની સમાનતા છે. રુઝવેલ્ટની જેમ જ બાઈડેન પોતાની ઝડપ જારી રાખવા માગે છે. તેથી જ ફેબ્રુ.માં સંસદ શરૂ થાય ત્યારે તેઓ સૌપ્રથમ ૧.૯ લાખ કરોડ ડોલર (અંદાજે ૧૪૦ લાખ કરોડ રૂ.)ના કોરોના પેકેજને મંજૂરી આપવા માગે છે. રુઝવેલ્ટના પ્રથમ ૧૦૦ દિવસના કામ અંગે લખનારા મેસેચ્યૂસેટ્સ એમહર્સ્ટ યુનિ.માં સ્કૂલ ઑફ પબ્લિક પોલિસીના ડાયરેક્ટર અલસાદેયર રોબર્ટ્સે જણાવ્યું કે બાઈડેને સત્તા સંભાળતાં જ ઘણાં સારા નિર્ણયો લીધા છે. પ્રાથમિતા અને ઝડપી નિર્ણયોથી ટ્રમ્પના નિર્ણયોથી જે નુકસાન થયું હતું તે ભરપાઇ થવાનું શરૂ થઇ ગયું છે.

રુઝવેલ્ટે ૧૯૩૩માં દેશનું સુકાન સંભાળ્યું ત્યારે અમેરિકામાં ભારે મંદી હતી. ૨૦%થી વધુ વસતી બેરોજગાર હતી. રુઝવેલ્ટે લોકોને રોજગારી મળે તે માટે ઘણાં કાર્યક્રમ ચલાવ્યા. તેમણે ઈમરજન્સી બેન્કિંગ, સામાજિક સુરક્ષા કાયદો લાગુ કરાવ્યો. તેમના પ્રયાસોથી અર્થતંત્ર પાટા પર પણ આવ્યું.

ટ્રમ્પના સૌથી મોટા ડોનર જૂલી જેનકિન્સ ફેન્સલીએ જ કેપિટલ હિલની રેલી માટે ૩ લાખ ડોલર (અંદાજે ૨.૨ કરોડ રૂ.) આપ્યા હતા. વૉલ સ્ટ્રીટ જર્નલના રિપોર્ટમાં આ દાવો કરાયો છે. બાદમાં તે લોકોએ જ અમેરિકી રાજધાનીમાં તોફાનો કર્યા હતા. રિપોર્ટ મુજબ, સુપરમાર્કેટ ચેનના માલિક જૂલી ટ્રમ્પના અભિયાનમાં સૌથી મોટા દાતાઓ પૈકી એક છે. ટ્રમ્પ સામે આક્ષેપ થઇ રહ્યા છે કે વ્હાઇટ હાઉસમાં ટકી રહેવા તેમણે સમર્થકોને ઉશ્કેર્યા હતા. આ કારણથી જ તોફાનો થયા હતા.

# OTT પ્લેટફોર્મ નિયમન માટે ટૂંકમાં ગાઇડલાઇન્સ જાહેર કરાશે

નવી દિલ્હી : કેન્દ્ર સરકારે વેબ સીરીઝનાં કન્ટેન્ટ અંગે વધતા વિવાદનું સ્થાયી સમાધાન કરવાનો નિર્ણય લીધો છે. કેન્દ્ર સરકાર ટૂંક સમયમાં OTT પ્લેટફર્મ અને ઓનલાઈન સ્ટ્રીમિંગ કન્ટેન્ટનાં નિયમનની વ્યવસ્થા કરવાં જ રેગ્લુલેશનની ગાઈડલાઈન જાહેર કરવામાં આવશે. કેન્દ્રીય સૂચના અને પ્રસારણ મંત્રી પ્રકાશ જાવડેકરે કહ્યું કે, મંત્રાલય બાદ જલ્દી જ ઓવર ધ ટોપ પ્લેટફર્મ માટે દિશા-નિર્દેશ જાહેર કરશે. કારણ અહીં જોવા મળતી કેલીક સીરીઝ વિરુદ્ધ ઘણી બધી ફરિયાદ મળી છે. હાલમાં જ તાંડવ વેબ સીરિઝ, મિર્ઝાપૂર વેબ સીરિઝ બાદ OTT પર રિલીઝ કરવામાં આવી છે. ફિલ્મ ‘અ સૂટેડબલ બોય‘ અંગે પણ ઘણો વિવાદ થયો હતો તેનાં વિરુદ્ધ પણ ઘણાં કેસ દાખલ કરવામાં આવ્યાં છે. જાવડેકરે મીડિયા કર્મીઓ સાથે વાત કરતાં કહ્યું કે, અમને OTT પ્લેટફર્મ પર હાજર કેટલીક વેબ સીરિઝ વિરુદ્ધ ઘણી બધી ફરિયાદ મળી છે. ઓટીટી પ્લેટફર્મ પર રિલીઝ ફિલ્મ અને સીરિયલ્સ ડિજિટલ સમાચાર પત્ર, કેબલ ટેલીવિજન નેટવર્ક્સ (રેગ્યુલેશન) એક્ટ કે સેન્સર બોર્ડનાં દાયરામાં નથી આવતી. જલ્દી જ આ તમામનાં દિશા નિયમ માટે કેટલાંક ખાસ દિશા-નિર્દેશ જાહેર કરવામાં આવશે. મંત્રી તેમ પણ જાહેરાત કરી છે કે, ૧ફેબ્રુઆરીથી સિનેમાહોલમાં સંપૂર્ણ સીટ ભરવાની અનુમતિ આપવામાં આવી છે. પણ આ સાથે જ કોવિડ ૧૯ સંબંધિત તમામ પ્રોટોકોલનું પાલન કરવાનું રહેશે. OTT પ્લેટફર્મ પર સામગ્રીએ હાલમાં વિવાદને જન્મ આપ્યો છે. જેને કારણે વિવાદ થયો તે કાર્યક્રમનાં નિર્માતાઓને લાભ મળી રહ્યો છે.ઉત્તર પ્રદેશનાં લખનઉ, ગ્રેટર નોએડા અને શાહજહાંપુરમાં ત્રણ FIR દાખલ કરવામાં આવી છે. મધ્યપ્રદેશમાં બે અને કર્ણાટક અને બિહારમાં એક એક FIR દાખલ કરવામાં આવી છે. આ ઉપરાંત ઓછામાં ઓછા ત્રણ અન્ય આપરાધિક મામલા મહારાષ્ટ્ર દિલ્હી અને ચંદીગઢમાં પણ નોંધાયા છે.

# ભારતમાં ૧૦૦ નવી સૈન્ય શાળા, હાયર એજ્યુકેશન કમિશન બનશે

નવી દિલ્હી : નાણામંત્રી નિર્મલા સિતારમને ૨૦૨૧-૨૨ના બજેટમાં શિક્ષણ ક્ષેત્રને લગતી ઘણી મહત્વપૂર્ણ જાહેરાતો કરી હતી. નાણાં પ્રધાને કહ્યું કે, રાષ્ટ્રીય શિક્ષણ નીતિને દિલથી સ્વીકારવામાં આવી છે. તેમણે કહ્યું કે ૧૦૦ નવી સૈન્ય શાળાઓ બનાવવામાં આવશે. આ માટે ખાનગી ક્ષેત્રની મદદ લેવામાં આવશે. નાણામંત્રીએ બજેટ ભાષણમાં હાયર એજ્યુકેશન કમિશન બનાવવાની જાહેરાત કરી છે. તેમણે કહ્યું કે આ માટે કાયદામાં સુધારો કરવામાં આવશે. નાણામંત્રી સીતારામણે લદ્દાખના લેહમાં સેન્ટ્રલ યુનિવર્સિટી બનાવવાની પણ જાહેરાત કરી છે.

નાણામંત્રીએ કહ્યું કે આદિજાતિ વિસ્તારોમાં ૭૫૮ એકલવ્ય શાળાઓ બનાવવામાં આવશે. નિર્મલા સિતારમને કહ્યું કે એક સ્કૂલ પર ૩૮ કરોડનો ખર્ચ થશે. તેમણે વધુમાં કહ્યું કે અનુસૂચિત જાતિ માટે ૩૫ હજાર કરોડ રૂપિયાની શિષ્યવૃત્તિ આપવામાં આવ્યા. તેમણે કહ્યું કે આમાંથી ૪ કરોડ વિદ્યાર્થીઓએ લાભ લીધો. આ બજેટમાં શિક્ષણ ક્ષેત્રે પણ કેટલાક સુધારાનો પ્રસ્તાવ મૂકાયો છે. જેમાં ૧૫ હજાર સ્કૂલોને નેશનલ એજ્યુકેશન પોલિસી હેઠળ આધુનિક બનાવવાનો પ્રસ્તાવ પણ સામેલ છે. આ ઉપરાંત, દેશમાં ૧૦૦ નવી સૈનિક સ્કૂલો ખોલવાનો પણ સરકારે ઈરાદો વ્યક્ત કર્યો છે.

સરકારે આ વખતના બજેટમાં આરોગ્ય સેવાઓ પાછળ થતાં ખર્ચને વધાર્યો છે, અને ૩૫ હજાર કરોડ રુપિયા કોરોના વેક્સિનેશન માટે ફાળવવામાં આવ્યા છે. હેલ્થ સેક્ટર પાછળ કુલ ૨.૨૩ લાખ કરોડ રુપિયા ફાળવવામાં આવ્યા છે. જે ગત વર્ષ કરતાં ૧૩૭ ટકા વધુ છે. સરકાર નવી હોસ્પિટલો ઉભી કરવા ઉપરાંત હાલના ઈન્ફ્રાસ્ટ્રક્ચરને વધુ બહેતર બનાવવાનું આયોજન ધરાવે છે તેમ પણ નાણાંમંત્રીએ જણાવ્યું હતું. કોરોનાના રસીકરણ માટે નાણાંમંત્રીએ જરુર પડ્યે વેક્સિનેશન માટે વધુ ભંડોળ ફાળવવાની પણ તૈયારી બતાવી છે.

# રિપબ્લિક ડે પરેડમાં રાફેલે પ્રથમ વખત ઉડાન ભરી


# ૭૨મો ગણતંત્ર દિવસ : ચીફ ગેસ્ટ વગર રાષ્ટ્રપતિએ તિરંગો લહેરાવ્યો

નવી દિલ્હી : ૨૬મી જાન્યુઆરીએ રાજપથ પર રિપબ્લિક ડે પરેડ યોજાઈ હતી. તેમાં રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી સામેલ થયા હતા. નેશનલ વોર મેમોરિયલ પહોંચેલા વડાપ્રધાન મોદીએ શહીદોને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. આ સાથે તેમની સાથે સંરક્ષણ મંત્રી રાજનાથસિંહ અને ત્રણે સેના પ્રમુખો દ્વારા વડાપ્રધાન મોદીનું સ્વાગત કરવામાં આવ્યા હતા. વડાપ્રધાન મોદીએ દિલ્હીમાં બનેલા નેશનલ વોર મેમોરિયલમાં દેશની સેવા કરતી વખતે શહીદ થયેલા જવાનોને સલામી આપી હતી. કોરોનાના કારણે આ વખતે વિજય ચોકથી પરેડ શરુ કરીને નેશનલ સ્ટેડિયમ સુધી જશે જ્યારે દર વર્ષે રિપબ્લિક પરેડ રાજપથથી શરુ થઈને લાલ કિલ્લા સુધી જતી હતી.

રિપબ્લિક ડે પરેડ દ્વારા દુનિયાને ભારતની તાકાત, સંસ્કૃતિ અને અનેકતામાં એકતાની ઝલક દેખાઈ હતી. કોરોનાને ધ્યાનમાં રાખીને રાજપથ પર સોશિયલ ડિસ્ટન્સિંગ સાથે દર્શકો બેસી શકે તેવી વ્યવસ્થા ઉભી કરવામાં આવી હતી. પરેડ દરમિયાન બે વાત ખાસ રહી. પ્રથમ- બાંગ્લાદેશની ટુકડીએ પ્રથમ વખત ગણતંત્ર દિવસ સમારંભમાં ભાગ લીધો. બીજી વાત- ભારતીય વાયુસેનાના રાફેલ ફાઈટર જેટે પણ પ્રથમ વખત પરેડમાં ભાગ લીધો. જોકે કોરોનાના કારણે આ વખતે પરેડની પદ્ધતિ બદલાઈ ગઈ.

૫૫ વર્ષમાં પ્રથમ વખત એવું થયું કે રિપબ્લિક ડે પરેડમાં કોઈ ચીફ ગેસ્ટ સામેલ થયા ન હતા. આ પહેલા ભારતમાં ૧૯૫૨, ૧૯૫૩ અને ૧૯૬૬માં પણ ગણતંત્ર દિવસ પરેડમાં કોઈ ચીફ ગેસ્ટ સામેલ થયા ન હતા. રાજપથ પર ઝાંખીઓમાં સૌથી પહેલી ઝાંખી કેન્દ્ર શાસિત પ્રદેશ લદ્દાખની બતાવવામાં આવી હતી. આ સિવાય ઉત્તરપ્રદેશની ઝાંખી પણ ખાસ હતી. તેમાં રામ મંદિરની ઝલક પણ બતાવવામાં આવી હતી. આ સિવાય ઉત્તરપ્રદેશની ઝાંખી પણ ખાસ હતી. તેમાં રામ મંદિરની ઝલક પણ બતાવવામાં આવી હતી.

રાજપથ પર પેરામિલિટ્રી અને અન્ય સહાયક દળોએ પરેડ કાઢી હતી. આ દરમિયાન તટરક્ષક દળ, કેન્દ્રીય રિઝર્વ પોલીસ બળ, દિલ્હી પોલીસની બેન્ડ, ભારત-તિબેટ સીમા પોલીસના બેન્ડ, રાષ્ટ્રીય સુરક્ષા ગાર્ડના જવાનોએ પોતાની



તાકાત દેખાડી હતી. રાજ્યો પછી કેન્દ્રીય મંત્રાલાયોની ઝાંખીનો નંબર હતો. આઈટી મંત્રાલય ઝાંખીમાં રાષ્ટ્રની પ્રગતિ માટે ડિજિટલ ઈન્ડિયા-આત્મનિર્ભર ભારતની થીમ દર્શાવવામાં આવી હતી. ઝાંખીમાં છૈં રોબોટનું ૩ડ મોડલ દર્શાવવામાં આવ્યું હતું. જે ડિજિટલ ઈન્ડિયા કાર્યક્રમ દ્વારા માર્ગદર્શિત ડિજિટલ ક્રાંતિને દર્શાવે છે.

૭૨મી ગણતંત્ર દિવસની પરેડનું એક મુખ્ય આકર્ષણ બાંગ્લાદેશની સૈનિક ટુકડી રહી હતી. એનું નેતૃત્વ લેફ્ટનન્ટ કર્નલ મોહમ્મદ શમૂર શાબાને કર્યું હતું. બાંગ્લાદેશની સૈનિક ટુકડીએ પ્રથમ વખત આપણા ગણતંત્ર દિવસ સમારંભમાં ભાગ લીધો હતા. આ ટુકડીમાં કુલ ૧૨૨ જવાન સામેલ હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશવાસીઓને ગણતંત્ર દિવસની શુભેચ્છા પાઠવી હતી. ગણતંત્ર દિવસ પરેડમાં સામેલ ભારતીય સેનાની ટેક્ર ટી-૯૦ને સેનામાં ભીષ્મના નામથી ઓળખવામાં આવે છે. આ વખતે પરેડનું નેતૃત્વ લેફ્ટિનન્ટ જનરલ વિજય કુમાર મિશ્રા કર્યું હતું.

ગણતંત્ર દિવસની સવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નેશનલ વોર મેમોરિયલ પહોંચીને શહીદોને શ્રદ્ધાંજલિ આપી હતી. આ દરમિયાન તેમની સાથે રક્ષામંત્રી રાજનાથ સિંહ અને ત્રણે સેનાઓના પ્રમુખો પણ હાજર રહ્યા હતા. દર વખતે ગણતંત્ર દિવસે શહીદોને આ રીતે શ્રદ્ધાંજલિ આપવામાં આવે છે. વડાપ્રધાન મોદી ઈન્ડિયા ગેટના નેશનલ વોર મેમોરિયલ પર શહીદોને શ્રદ્ધાંજલિ આપવા પહોંચ્યા હતા. ત્યાં તેમણે સેરેમોનિયલ બુક પર હસ્તાક્ષર કર્યા હતા. આ દરમિયાન તેમણે ગુજરાતના જામનગરની રોયલ ફેમિલી દ્વારા ગિફટમાં આપેલી પાઘડી પહેરી હતી.

## કાર્ટુન કોર્નર
મહેન્દ્ર શાહ






# શ્રીમદ ભગવદ્ ગીતા"ની ખાસ ખાસ વિશિષ્ટતાઓ



મનોજગત
પાર્થરાજસિંહ જાડેજા
(ત્રાપજ)

"શ્રીમદ્ ભગવદ્ ગીતા" - આપણા આ સમગ્ર વિશ્વમાં એકમાત્ર ધર્મગ્રંથ (પુસ્તક) છે જેની છેલ્લાં ૫૧૧૯ વર્ષથી જન્મજયંતી ભારતભરમાં શ્રદ્ધાપૂર્વક ઉજવવામાં આવેછે.

ભાગ્યે જ કોઈ ભારતીય હશે કે જેણે શ્રીમદ્ ભગવદ્ ગીતાનું નામ ન સાંભળ્યું હોય!! ગીતા જ્ઞાનએ ગાગરમાં સાગર છે. જ્ઞાનનો આખેઆખો રસપ્રચુર મધપૂડો છે. માનવીના જીવનનું એકપણ ક્ષેત્ર એવું નથી કે જેમાં ગીતા જ્ઞાન ઉપયોગી ન બનતું હોય!! ગીતાની એટલી બધી વિશિષ્ટતાઓ છે કે જેનું વર્ણન કરવા બેસીએ તો પાર ન આવે. એમાંની ખાસ ખાસ કેટલીક વિશિષ્ટ વાતો આજે રજૂ કરવાનો ઉપક્રમ છે. આવો આ ખાસિયતો જાણીએ.

1. "શ્રીમદ્ ભગવદ્ ગીતા" - એટલે શ્રી ભગવાને ગાયેલું ગીત.
2. મહાભારતના કુલ ૧૮ (અઢાર) પર્વ છે. જેમાં છઠ્ઠો પર્વ ભીષ્મપર્વ છે. ભીષ્મપર્વના અધ્યાય નંબર ૨૫ થી ૪૨ના કુલ ૮ અધ્યાય એટલે જ ગીતા.
3. સૌપ્રથમ શ્રી વિષ્ણુ ભગવાન થયા. તેમની નાભિમાંથી બ્રહ્માજી પ્રગટ થયા. બ્રહ્માના માનસ પુત્ર શ્રી વશિષ્ઠ ઋષિ થયા, તેમના શક્તિ, શક્તિના પારાશર, પારાશર અને મત્સ્યગંધાના મિલનથી થયા વેદવ્યાસ - જેમનું સાચું નામ શ્રીકૃષ્ણ બાદરાયણ (દ્વૈપાયન) વ્યાસ - જે ૧૮મા છેલ્લા વેદવ્યાસ હતા તેમણે ગીતાને છંદબદ્ધ શ્લોકોમાં રૂપાંતર કરી ગીતા લખી. વેદવ્યાસને વંદન.
4. ગીતા માત્ર ૪ (ચાર) વ્યક્તિ વચ્ચેનો સંવાદ છે. ધૃતરાષ્ટ્ર, સંજય, અર્જુન અને શ્રીકૃષ્ણ ભગવાન. સંજય ધૃતરાષ્ટ્રના સારથિ હતા જે વિદ્વાન ગવલ્ગણ નામના સારથિના પુત્ર હતા. શ્રીકૃષ્ણ અર્જુનના સારથિ હતા. સંજયને વેદવ્યાસે દિવ્યદૃષ્ટિ આપી હતી તો વિરાટરૂપનાં દર્શન કરવા શ્રીકૃષ્ણ અર્જુનને દિવ્યદૃષ્ટિ આપે છે. બન્ને બાજુ સારથિ - બન્ને બાજુ દિવ્યદૃષ્ટિ. કેવો યોગાનુયોગ.
5. ગીતામાં કુલ ૭૦૦ (સાતસો) શ્લોક છે જે પૈકી ૫૭૫ શ્લોક શ્રીકૃષ્ણ ભગવાન બોલ્યા છે, ૮૫ શ્લોક અર્જુન બોલ્યા છે, ૩૯ શ્લોક સંજય અને માત્ર ૧ (એક) શ્લોક ધૃતરાષ્ટ્ર બોલ્યા છે.
6. ગીતાના ૧૮ અધ્યાય છે, ૭૦૦ શ્લોકો છે, ૯૪૧૧ શબ્દો છે, ૨૪૪૪૭ અક્ષરો છે. શ્રીકૃષ્ણ ઉવાચ - ૨૮ વખત, અર્જુન ઉવાચ - ૨૧ વખત, ધૃતરાષ્ટ્ર ઉવાચ ૦૧ એમ કુલ મળી - ૫૯ વખત ઉવાચ આવે છે. સંજય ઉવાચ - ૯ વખત આવે છે.
7. ઈ.સ. પૂર્વે ૩૧૦૨ વર્ષ પહેલાં શ્રીકૃષ્ણે ગીતા અર્જુનને કહી તે યુદ્ધ કરવા, યુદ્ધના મેદાનમાં કહી અને એ ઉપદેશ જ હિન્દુ ધર્મનો મહાન ધર્મગ્રંથ બની ગયો એ બાબત સમગ્ર વિશ્વના બધા ધર્મગ્રંથોમાં માત્ર અને માત્ર એક જ કિસ્સો છે.
8. આખી ભગવદ્ ગીતામાં "હિંદુ" શબ્દ એક પણ વખત આવતો નથી - તે હિંદુ ધર્મનો ધર્મગ્રંથ હોવા છતાં પણ. એ જ સાબિત કરે છે કે ગીતા વૈશ્વિક ધર્મગ્રંથ છે.
9. શ્રીમદ્ ભગવદ્ ગીતા - એ એવો એક ધર્મગ્રંથ છે જેનો અનુવાદ ભાષાંતર વિશ્વની તમામે તમામ ભાષાઓમાં થયું છે.
10. શ્રી હેમચંદ્ર નરસિંહ લિખિત શ્રી ગીતાતત્ત્વ દર્શનમાં ગીતાના કુલ ૨૩૩ પ્રકાર છે, જેમાં શ્રીમદ્ ભગવદ્ ગીતા મુખ્ય છે. અનુગીતા, અવધૂત ગીતા, અષ્ટાવક્ર ગીતા, પાંડવગીતા, સપ્તશ્લોકી ગીતા જેવા ૨૩૩ ગીતા પ્રકાર છે.
11. ભક્તિના કુલ ૯ (નવ) પ્રકાર છે. શ્રવણ, કીર્તન, સ્મરણ, પાદસેવન, અર્ચન, વંદન, દાસ્ય, સખ્ય અને આત્મનિવેદન. આ નવેનવ પ્રકારની ભક્તિનું વર્ણન, વ્યાખ્યા શ્રીમદ્ ભગવદ્ ગીતામાં છે.
12. ગીતાના દરેક અધ્યાયના અંતે અધ્યાય પૂરા થયાની નોંધ માટે જે પંક્તિ આવે છે તેને પુષ્પિકા કહે છે જે મુજબ ગીતા બ્રહ્મવિદ્યા છે, યોગનું શાસ્ત્ર છે, આવી અઢાર પુષ્પિકાના કુલ શબ્દો ૨૩૪ છે અને તેના કુલ અક્ષરો ૮૯૦ છે.
13. શ્રીમદ્ ભગવદ્ ગીતા શ્રદ્ધાનો, ભક્તિનો, ધર્મનો અને સત્યનો એવો આધારસ્તંભ છે કે આપણા દેશની તમામ અદાલતોમાં પણ તેના ઉપર હાથ મૂકી સોગંદ લે પછી સત્ય જ બહાર આવશે તેટલી અધિકૃતિ મળેલી છે, આવું વિશ્વમાં બીજે ક્યાંય નથી!!
14. ગીતા યોગશાસ્ત્રવિદ્યા છે. ગીતામાં કુલ ૧૮ અધ્યાયના ૧૮ યોગ તો છે જ જે તેના શીર્ષકમાં આવે છે જેમકે ભક્તિયોગ, કર્મયોગ સાંખ્ય યોગ. આ ઉપરાંત અભ્યાસયોગ, ધ્યાનયોગ બ્રહ્મયોગ જેવા કુલ ૩૦ (ત્રીસ) યોગો ગીતામાં છે.
15. ગીતાના પહેલા અધ્યાયના પહેલા શ્લોકનો પહેલો શબ્દ ધર્મક્ષેત્ર છે, જ્યારે છેલ્લા અધ્યાયના છેલ્લા શ્લોકનો છેલ્લો શબ્દ 'મમ' છે. અર્થાત્ મારું ધર્મક્ષેત્ર ક્યું? તો ૧ થી ૭૦૦ શ્લોક વચ્ચે જે આવે છે. વેદવ્યાસનો શબ્દસુમેળ કેવો અદ્ભુત છે!!
16. સમગ્ર ગીતાનો સાર શું છે? ગીતા શબ્દને ઉલટાવીને વાંચો. તાગી. જે આસક્તિનો ત્યાગ કરે છે તે જ પ્રભુને પામી શકે છે. મહાત્મા ગાંધીજીએ એટલે જ ગીતા વિશે જે પુસ્તક લખ્યું છે તેનું ચોટડૂક શીર્ષક 'અનાસક્તિ યોગ' આપ્યું છે. ઉપનિષદમાં પણ કહ્યું છે : ત્યેન ત્યક્તેન ભુંજિથા - ત્યાગીને ભોગવો.
17. ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ - ચાર વેદો છે પણ ગીતાને પાંચનો વેદ કહેવાય છે.
अंग्रेजी नये वर्ष 2021 का शुभारंभ रात्री में 12 बजे अंग्रेजी दिन शुक्रवार , हिन्दू पंचांग के अनुसार दिन गुरुवार , पौष मास कृष्ण पक्ष द्वितीया , पुष्य नक्षत्र , कन्या लग्न में हो रहा है , हिन्दू पंचांग के अनुसार वर्तमान में वर्ष के राजा बुध ,ऐवम मंत्री चंद्र देव हैं । नये वर्ष 2021 का शुभारंभ कन्या लग्न ,अर्थात बुध के लग्न से हो रहा है ,और अभी भी हिन्दू पंचांग के अनुसार बुध देव राजा हैं ,इस कारण व्यापार में तेजी आयेगी ,और बैंकिंग सेक्टर में सुधार तो होगा ,लेकिन बहुत लाभ की संभावना कम ही लगती है। क्योकि ग्रह ,गोचर में विशेष बदलाव नही आ रहा है इस कारण 13 अप्रैल तक देश ,दुनिया मे विशेष लाभ का योग नही बन रहा है। 13 अप्रैल 2021 में हिन्दू नव संवत्सर का प्रारम्भ होगा। 13 अप्रैल 2021 दिन मंगलवार चैत्र मास शुक्ल पक्ष , अश्विनी नक्षत्र , विष्कुम्भ योग में हिन्दू नवसंवत्सर का प्रारंभ होगा । इस संवत्सर के राजा मंगल होंगे और मंत्री भी मंगल ही रहेंगे ,और आनंद नामक संवत्सर होगा। जैसे ही 13 अप्रैल प्रारम्भ होगा वैसे ही लोगो के अंदर से हीन भावना समाप्त होगी ,और आनंद का वातावरण पूरे विश्व मे हो सकता है ,क्योकि जैसे संवत्सर का नाम होता है ,वैसे ही उसका प्रभाव होता है ।

जैसे कि हम सबने देखा है ,और अनुभव किया है की जबसे हिन्दू संवत्सर प्रमादी आया था ,तबसे सभी लोग दुखी हो गये थे ,क्योकि प्रमादी का अर्थ होता है संकट, विपत्ति, उन्माद( मानशिक रोगी), नशा...। और आप सब ने देखा कि इस प्रमादी संवत्सर ने हम सबको विपत्ति में डाल दिया था ,और बहुत से लोग मानशिक रोगी भी हो गये थे , और नशा के प्रति लोगो की दीवानगी आप सभी लोगो ने देखा ही है। आनंद संवत्सर के राजा मंगल ,और मंत्री भी मंगल हैं ,इस कारण पूरे विश्व मे आधुनिक ऐवम विध्वंसक हथियार बनाने की होड़ मचेगी ,और विश्व के सभी देश अपनी सेना का विस्तार करेंगे। हमारे भारत देश की सेना का मनोबल बढ़ेगा ,पूरा विश्व हमारी सेना को प्रणाम करेगा ,पूरे विश्व मे हमारी सेना का डंका बजेगा । हमारे देश के वैज्ञानिक मे नयी तकनीक खोजेंगे और हमारा देश की तकनीक की पूरे विश्व मे सराहना होगी। हमारा देश दूसरे देशो को अपनी तकनीक ऐवम रक्षा सामग्री भी बेचेगा ,और पूरे विश्व मे भारत की सेना ,ऐवम भारत के वैज्ञानिको का सम्मान बढेगा। और गुरु शनि की युति के कारण और मंगल देव संवत्सर के राजा और मंत्री होने के कारण विश्व मे भूकंप , आगजनी , आतंकवाद की घटनाएं हो सकती है। पूरे विश्व में पडोशी देशो से संबंध बिगड़ सकते हैं ,और विश्वयुद्ध की आहट सुनाई पड़ सकती है।



# बाल संस्कार

अपने बच्चो को निम्नलिखित श्लोकों को नित्य दैनन्दिनी में शामिल करने हेतु संस्कार दे एवं खुद भी पढ़े।

**प्रतिदिन स्मरण योग्य शुभ सुंदर मंत्र। संग्रह**

**प्रात: कर-दर्शनम्**
कराग्रे वसते लक्ष्मी करमध्ये सरस्वती।
करमूले तू गोविन्दः प्रभाते करदर्शनम्॥

**पृथ्वी क्षमा प्रार्थना**
समुद्र वसने देवी पर्वत स्तन मंडिते।
विष्णु पत्नी नमस्तुभ्यं पाद स्पर्शं क्षमश्वमेव॥

**त्रिदेवों के साथ नवग्रह स्मरण**
ब्रह्मा मुरारिस्त्रिपुरान्तकारी भानु: शशी भूमिसुतो बुधश्च।
गुरुश्च शुक्र: शनिराहुकेतव: कुर्वन्तु सर्वे मम सुप्रभातम्॥

**स्नान मन्त्र**
गंगे च यमुने चैव गोदावरी सरस्वती।
नर्मदे सिन्धु कावेरी जले अस्मिन् सन्निधिम् कुरु॥

**सूर्यनमस्कार**
ॐ सूर्य आत्मा जगतस्तस्युषश्च
आदित्यस्य नमस्कारं ये कुर्वन्ति दिने दिने।
दीर्घमायुर्बलं वीर्यं व्याधि शोक विनाशनम्
सूर्य पादोदकं तीर्थ जठरे धारयाम्यहम्॥
ॐ मित्राय नम:
ॐ रवये नम:
ॐ सूर्याय नम:
ॐ भानवे नम:
ॐ खगाय नम:
ॐ पूष्णे नम:
ॐ हिरण्यगर्भाय नम:
ॐ मरीचये नम:
ॐ आदित्याय नम:
ॐ सवित्रे नम:
ॐ अर्काय नम:
ॐ भास्कराय नम:
ॐ श्री सवितृ सूर्यनारायणाय नम:
आदिदेव नमस्तुभ्यं प्रसीदमम् भास्कर।
दिवाकर नमस्तुभ्यं प्रभाकर नमोऽस्तु ते॥

**संध्या दीप दर्शन**
शुभं करोति कल्याणम् आरोग्यम् धनसंपदा।
शत्रुबुद्धिविनाशाय दीपकाय नमोऽस्तु ते॥
दीपो ज्योति परं ब्रह्म दीपो ज्योतिर्जनार्दनः।
दीपो हरतु मे पापं संध्यादीप नमोऽस्तु ते॥

**गणपति स्तोत्र**
गणपति: विघ्नराजो लम्बतुन्ड़ो गजानन:।
द्वै मातुरश्च हेरम्ब एकदंतो गणाधिप:॥
विनायक: चारूकर्ण: पशुपालो भवात्मज:।
द्वादश एतानि नामानि प्रात: उत्थाय य: पठेत्॥
विश्वम तस्य भवेद् वश्यम् न च विघ्नम् भवेत् क्वचित्।
विघ्नेश्वराय वरदाय शुभप्रियाय।
लम्बोदराय विकटाय गजाननाय॥
नागाननाय श्रुतियज्ञविभूषिताय।
गौरीसुताय गणनाथ नमो नमस्ते॥
शुक्लाम्बरधरं देवं शशिवर्णं चतुर्भुजं।
प्रसन्नवदनं ध्यायेतसर्वविघ्नोपशान्तये॥

**आदिशक्ति वंदना**
सर्वमंगल मांगल्ये शिवे सर्वार्थसाधिके।
शरण्ये त्र्यम्बके गौरि नारायणि नमोऽस्तु ते॥

**शिव स्तुति**
कर्पूर गौरम करुणावतारं,
संसार सारं भुजगेन्द्र हारं।
सदा वसंतं हृदयार विन्दे,
भवं भवानी सहितं नमामि॥

**विष्णु स्तुति**
शान्ताकारं भुजगशयनं पद्मनाभं सुरेशं
विश्वाधारं गगनसदृशं मेघवर्ण शुभाङ्गम्।
लक्ष्मीकान्तं कमलनयनं योगिभिर्ध्यानगम्यम्
वन्दे विष्णुं भवभयहरं सर्वलोकैकनाथम्॥

**श्री कृष्ण स्तुति**
कस्तुरी तिलकम ललाटपटले, वक्षस्थले कौस्तुभम।
नासाग्रे वरमौक्तिकम करतले, वेणु करे कंकणम॥
सर्वांगे हरिचन्दनम सुललितम, कंठे च मुक्तावलि।
गोपस्त्री परिवेश्तिथो विजयते, गोपाल चूडामणी॥
मूकं करोति वाचालं पंगुं लंघयते गिरिम्।
यत्कृपा तमहं वन्दे परमानन्द माधवम्॥

**श्रीराम वंदना**
लोकाभिरामं रणरंगधीरं राजीवनेत्रं रघुवंशनाथम्।
कारुण्यरूपं करुणाकरं तं श्रीरामचन्द्रं शरणं प्रपद्ये॥

**श्रीरामाष्टक**
हे रामा पुरुषोत्तमा नरहरे नारायणा केशवा।
गोविन्दा गरुड़ध्वजा गुणनिधे दामोदरा माधवा॥
हे कृष्ण कमलापते यदुपते सीतापते श्रीपते।
बैकुण्ठाधिपते चराचरपते लक्ष्मीपते पाहिमाम्॥

**एक श्लोकी रामायण**
आदौ रामतपोवनादि गमनं हत्वा मृगं कांचनम्।
वैदेही हरणं जटायु मरणं सुग्रीवसम्भाषणम्॥
बालीनिर्दलनं समुद्रतरणं लंकापुरीदाहनम्।
पश्चाद्रावण कुम्भकर्णहननं एतद्धि श्री रामायणम्॥

**सरस्वती वंदना**
या कुन्देन्दुतुषारहारधवला या शुभ्रवस्त्रावृता।
या वींणावरदण्डमण्डितकरा या श्वेतपदमासना॥
या ब्रह्माच्युतशङ्करप्रभृतिभिर्देवैः सदा वन्दिता।
सा माम पातु सरस्वती भगवती
निःशेषजाड्याऽपहा॥

**हनुमान वंदना**
अतुलितबलधामं हेमशैलाभदेहम्।
दनुजवनकृषानुम् ज्ञानिनांग्रगणयम्।
सकलगुणनिधानं वानराणामधीशम्।
रघुपतिप्रियभक्तं वातजातं नमामि॥
मनोजवं मारुततुल्यवेगम जितेन्द्रियं बुद्धिमतां वरिष्ठं।
वातात्मजं वानरयूथमुख्यं श्रीरामदूतं शरणम् प्रपद्ये॥

**स्वस्ति-वाचन**

ॐ स्वस्ति न इंद्रो वृद्धश्रवाः
स्वस्ति नः पूषा विश्ववेदाः।
स्वस्ति नस्ताक्ष्र्यो अरिष्टनेमिः
स्वस्ति नो बृहस्पतिर्दधातु॥

**शांति पाठ**
ॐ पूर्णमदः पूर्णमिदं पूर्णात् पूर्णमुदच्यते।
पूर्णस्य पूर्णमादाय पूर्णमेवावशिष्यते॥
ॐ द्यौ: शान्तिरन्तरिक्ष (गुँ) शान्ति:,
पृथिवी शान्तिराप: शान्तिरोषधय: शान्ति:।
वनस्पतय: शान्तिर्विश्वे देवा: शान्तिर्ब्रह्म शान्ति:,
सर्व (गुँ) शान्ति:, शान्तिरेव शान्ति:, सा मा शान्तिरेधि॥
**॥ॐ शान्ति: शान्ति: शान्ति:॥**





## ARIES



### મેષ — અ. લ. ઈ

મેષ રાશિના જાતકો માટે આ મહિનાની શરૂઆત ખૂબ સારી રહેશે. તમે પોતાની ઈચ્છાશક્તિના બળે સંખ્યાબંધ યોજનાઓ પાર પાડી શકશો અને તેનાથી આ મહિને તમારી સ્થિતિમાં મજબૂતી આવશે. નોકરિયાતોને અન્ય લોકોને એક સક્રિય સહકર્મીની જેમ મદદ કરવામાં ખૂબ જ આનંદ આવશે અને તેનાથી તમને યોગ્ય લાભ પણ થશે. તમે કાર્યસ્થળે પ્રશંસાપાત્ર બનશો. જે લોકો વેપાર કરી રહ્યાં હોય તેમને આ મહિને થોડી સાવધાની રાખવી જરૂરી છે કારણ બિઝનેસમાં કેટલીક સમસ્યાઓ આવી શકે છે.


## TAURUS



### વૃષભ — બ. વ. ઉ

આ મહિનો તમારા માટે ખુબ સારો રહેવાનો છે. તમે ખુબ પ્રભાવશાળી રહેશો. તમારી ચારેય તરફ લોકોની ભીડ રહેશે, જે તમને ફોલો કરશે. તમારી વાતોમાં દમ રહેશે. તમારા ખર્ચા વધારે રહેશે, જેનાથી તમારે તમારી તમારી ઇનકમને વધારવાનો વિચાર કરવો પડશે, પણ કેટલાક લોકો તમને પરેશાન કરવામાં કોઇ કસર નહીં છોડે, તેથી આવા લોકોથી સતર્ક રહેજો. તમારી ઇનકમમાં ધીમે-ધીમે વધારો થશે. તેથી તમારે ખુબ પ્રયાસ કરવા પડશે. નોકરિયાત વર્ગના લોકોની ટ્રાન્સફરના યોગ સર્જાઇ શકે છે.


## GEMINI



### મિથુન — ક. છ. ઘ

આ મહિનાની શરૂઆતના સપ્તાહમાં તમારા સાથી તરફથી ક્યારેક અહંનો સામનો કરવો પડે. જોકે, બીજા સપ્તાહથી તમારી વચ્ચે આકર્ષણ ઘણું વધશે જેથી સંબંધોને નવા શિખરે લઇ જઇ શકશો. જેઓ પહેલાથી કોઈની સાથે સંબંધોમાં છે તેમને મહિનાના છેલ્લા ત્રણ દિવસમાં પ્રિયપાત્ર અંગેની કોઈને કોઈ ચિંતા રહેશે. અત્યારે સંબંધોમાં વિવાદની કોઇપણ સ્થિતિ ટાળવા માટે અતિ આવેશ કરવાનું ટાળજો. લગ્ન અંગેનો નિર્ણય એક સપ્તાહ પૂરું થયા પછી લઇ શકો છો.જે લોકો પરિણિત છે, તેમનું લગ્ન જીવન પણ સારી રીતે ચાલશે.


## CANCER



### કર્ક — ડ. હ

આ મહિનો તમારા માટે સરેરાશ રહેવાનો છે, આ દરમિયાન તમને તમારા સંબંધ, કાર્યશૈલી અને નાણાકીય ક્ષેત્રમાં મોટા પરિવર્તન જોવા નહીં મળે. જોકે, આ દરમિયાન ગ્રહોની પરિસ્થિતિ અનુકૂળ રહેવાને કારણે નોકરિયાત વર્ગના લોકોને લાભ મળવાની આશા છે. નોકરીમાં પ્રમોશન મળવાની શક્યતા છે. શરૂઆતના તબક્કામાં તમારા સિનિયર્સ સાથે તમારું અંતર વધી શકે છે અથવા તો તમે જાતે જ તેમનાથી અંતર કરી શકો છો. મહિનાના અંત સુધીમાં તમે સંપૂર્ણપણે પ્રોફેશનલ રિલેશનશિપ પર ફોકસ કરવા લાગશો.


## LEO



### સિંહ — મ. ટ

આ મહિનો ખુબ જ અનુકૂળ રહેવાનો છે. તમને તમારા કામોમાં સફળતા પ્રાપ્ત થશે, જેનાથી તમારા મનમાં હર્ષની અનુભૂતિ થશે. તમે ખુબ જ તેજવાન રહેશો અને દરેક કામમાં પૂરા હૃદયથી અને ખંતથી પોતાનું સો ટકા યોગદાન આપશો. મહિનાની શરૂઆતમાં જ તમારી ઇનકમમાં વધારો જોવા મળશે. તમારા માટે આખા મહિના દરમિયાન હળવા ખર્ચા યથાવત રહેશે, પરંતુ તે ખર્ચાઓથી તમારે ચિંતિત થવાની જરૂર જરાય નથી. તમને સમાજમાં માન-સન્માન પણ પ્રાપ્ત થશે અને કામમાં સફળતા પણ મળશે.

## VIRGO



### કન્યા — પ. ઠ. ણ

આ મહિનો તમારા માટે મધ્યમ ફળ પ્રદાન કરનારો રહેશે. તમારી ઇનકમમાં શરૂઆતથી જ વધારો જોવા મળશે, જેના કારણે તમને આ સમગ્ર મહિના દરમિયાન નાણાંની કોઇ કમી નહીં રહે. ખર્ચાઓમાં કમી આવવાને કારણે તમારી આર્થિક સ્થિતિ મજબૂત રહેશે. આ મહિને સ્થિતિ થોડીક ઠીક લાગશે. તમારા આરોગ્યમાં સુધારો જોવા મળશે અને જૂની ચાલી આવી રહેલી સમસ્યાઓથી મુક્તિ પ્રાપ્ત થવાના યોગ બનશે. દાંપત્ય જીવન વ્યતિત કરી રહેલા લોકોને હવે કેટલાંક સારા પરિણામ પણ જોવા મળશે.

## LIBRA



### તુલા — ર. ત

આ સમયમાં તમને ખુબ જ સારા પરિણામની પ્રાપ્તી થશે. તમારી ઇનકમમાં વધારો થવાને કારણે તમે આર્થિક રૂપે મજબૂત બનશો અને તમારા ઘર પરિવારમાં કોઇ ધાર્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન પણ કરી શકો છો. નાના મોટા પ્રવાસોથી તમને હર્ષ અને આનંદની પ્રાપ્તી થસે તેમજ પોતાના વડવાઓના મકાનમાં રહેવાનો પણ તમે આનંદ માણશો. જો તમે ક્યાંક દૂર રહેતા હો, તો આ સમય દરમિયાન તમારા માટે પોતાના જૂના ઘરમાં જવાના યોગ સર્જાશે. તમારું આરોગ્ય આ મહિને મજબૂત રહેશે.


## SCORPIO



### વૃશ્ચિક — ન. ય

આ સમયમાં તમારા આરોગ્યમાં થોડી કમી જરૂર આવશે અને તમને તીવ્ર તાવ અથવા માથામાં દુખાવા જેવી સમસ્યાઓ અથવા તો હળવી ઇજા થવાની સમસ્યા થઇ શકે છે. નોકરિયાત વર્ગના લોકોને પોતાના કામનો યોગ્ય લાભ પ્રાપ્ત થશે અને તેમને સરકાર તરફથી કોઇ સારો લાભ પણ પ્રાપ્ત થઇ શકે છે. જે લોકો વેપાર કરે છે, તેમને પોતાના વેપારને મજબૂતી આપવા માટે કેટલીક નવી સ્કીમો શરૂ કરવી પડશે. પરિવારના લોકો પર્સપર હળીમળીને રહેશે, પરંતુ કોઇ વડીલનું આરોગ્ય ચિંતાનું કારણ બની શકે છે.


## SAGITTARIUS



### ધન — ભ. ફ. ઢ. ધ

મહિનાની શરૂઆતમાં જ તમારી પાસે ધનની આવક થશે, જેનાથી તમારી આર્થિક સ્થિતિ ખુબ જ મજબૂત બનશે અને તમે તમારા કામોને સમયસર પૂરા કરી શકશો. આ મહિને તમારા ખર્ચાઓ વધારે રહેશે, પરંતુ તમારા માટે જરૂરી હોય તેવા કામો પાછળ જ તે ખર્ચા થશે, તેથી તમને આ ખર્ચાઓથી કોઇ તકલીફ નહીં થાય. તમારું જ્ઞાન તમને ખુબ જ કામ આવશે અને આ સમયમાં તમારી વિચારધારા જ તમને આગળ રાખશે. પારિવારિક લોકોનો સહયોગ તમને પ્રાપ્ત થશે. પરિવારમાં કોઇ નવા કાર્યક્રમનું આયોજન પણ થઇ શકે છે.


## CAPRICORN



### મકર — ખ. જ

તમને તમારા કામોમાં સફળતા પ્રાપ્ત થવામાં સરળતા રહેશે અને તમારી મહેનત પણ ઓછી નહીં થાય. તમારા જ્ઞાનમાં વધારો થશે અને તમે ઝીણામાં ઝીણી વસ્તુને પણ સરળતાથી સમજી જશો. તેનો ફાયદો એ થશે કે વેપારમાં જોરદાર રીતે કામ કરીને તમે યોગ્ય નફો કમાઇ શકો છો. નોકરિયાત વર્ગના લોકોને આ સમય દરમિયાન તેમના બોસની કૃપા પ્રાપ્ત થશે અને તેઓ તમારા કામથી પ્રભાવિત રહેશે. પરણિત લોકોનું ગૃહસ્થ જીવન આ સમય દરમિયાન મજબૂત રીતે ચાલશે અને તમારો સંબંધ પહેલા કરતા વધારે સારી રીતે નિખરશે.


## AQUARIUS



### કુંભ — ગ. શ. સ

આ મહિનો આપના માટે મધ્યમ ફળદાયી રહેશે. તમારે સ્વાસ્થ્યનું થોડું ધ્યાન રાખવું પડશે. તમારી સહેજ પણ ગાફેલિયતથી મોટી સમસ્યા થઇ શકે છે. ખર્ચમાં વધારો થશે માટે હાથ પર અંકુશ રાખવો. આજની બચત આવતીકાલનું રોકાણ સાબિત થશે તે વાતને ધ્યાનમાં રાખજો. આવકમાં પણ વધારો થવાથી ચોક્કસપણે તમે વધુ ખુશ થશો. નોકરિયાતોને આ સમયમાં સહયોગીઓ પાસેથી ખૂબ સારો સહકાર મળે. જેઓ વેપારમાં જોડાયેલા હોય તેવા લોકો તેમના કાર્યમાં સારા નફાની આશા રાખી શકે છે.

## PISCES



### મીન — દ. ચ. ઝ. થ

તમારા ખર્ચ પણ નિયંત્રણમાં રહેશે જેથી તમે રાહતનો શ્વાસ લઇ શકશો અને આર્થિક આયોજનો સારી રીતે અને સફળતાપૂર્વક પાર પાડી શકશો. જો તમે નોકરી કરી રહ્યાં હોવ તો, તમારું મન સતત નોકરીમાં પરોવાયેલું રહેશે. તમારી સુઝબુઝ, સમજદારી અને દૂરંદેશીની પરખ પણ થશે અને તમે તેમાં પાર પડશો. જો તમે કોઇ વેપારમાં જોડાયેલા હોવ તો, આ સમયમાં તમારા બિઝનેસને સમજદારીપૂર્વક આગળ વધારવાની તમને તક મળી રહેશે. કેટલાક જુના અને અનુભવી લોકો સાથે મળીને કામકાજ આગળ વધારી શકો છો.

# દુધ : શરીર માટે ખુબ ફાયદાકારક

દુધ પીવાને લઇને જુદી જુદી માન્યતા જાણકાર લોકોમાં પ્રવર્તી રહી છે. કેટલાક નિષ્ણાંત તબીબો અને લોકો કહે છે કે દુધ પીવાથી નુકસાન થાય છે જ્યારે કેટલાક લોકો અને નિષ્ણાંત લોકો કહે છે કે દુધ પીવાથી ફાયદો થાય છે. આ તમામ પ્રકારની દુવિધા વચ્ચે હાલમાં કરવામાં આવેલા અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે યોગ્ય સમયમાં યોગ્ય પ્રમાણમાં દુધ પિવાથી શરીરને ફાયદો થાય છે. દુધમાં અનેક પ્રકારના પૌષક તત્વો રહેલા છે. જે ના।। કારણે શરીરને ફાયદો થાય છે.



દુધના કારણે શરીરની તાકાત વધે છે. દુધને આયુર્વેદમાં પૂર્ણ આહાર તરીકે ગણવામાં આવે છે. ગાયના દુધથી ફાયદો વધારે થાય છે. નિયમિત દુધ પીવાથા હાડકા, માંસપેશીઓ વધારે મજબુત બને છે. દુધમાં કેલ્શિયમ, પ્રોટીન, પોટેશિયમ, ફાસ્ફોરસ, વિટામિન-એ, બી,-૧૨, ડી જેવા પોષક તત્વો રહેલા છે. જેને આર્યુવેદમાં પણ ખુબ મહત્વ આપવામાં આવે છે. જાણકાર લોકો તો કહે છે કે દુધ તો કોઇ પણ સમય લઇ શકાય છે. બાળકો, ગર્ભવતી મહિલાઓ અને સ્તનપાન કરાવનાર મહિલાઓ માટે દુધ ખુબ ફાયદો પહોંચાડે છે. તે શરીરના ઝેરી તત્વોને બહાર કાઢવામાં પણ ઉપયોગી સાબિત થાય છે. આના કારણે ખુબ ફાયદો થાય છે.

નાસ્તાના સમય પર અને રાત્રે ભોજન કર્યાના એક બે કલાક પછી દુધ પીવાના કારણે ખુબ ફાયદો થાય છે. ગાયના દુધની તુલનામાં ભેસના દુધમાં પૌષક તત્વોને લઇને લઇને હમેંશા ચર્ચા રહે છે. ગાયના દુધમાં શક્તિ વધારે રહેલી હોવાનો મત પણ કેટલાક લોકો વ્યક્ત કરે છે. દુધને કેટલીક ચીજોની સાથે મિક્સ કરીને લેવામાં આવે તો વધારે ફાયદો થાય છે. જેમ કે હળદર દુધમાં મિક્સ કરીને પીવામાં આવે તો શરીરને વધારે ફાયદો થાય છે. હળદરમાં વિટામિન-એ, પ્રોટીન, કાર્બોહાઇડ્રેડ, એન્ટી બેક્ટીરિયલ અને એન્ટીસેપ્ટિક એન્ટી ઓક્સીડેન્ટ ગુણ રહેલા છે. જેના કારણે કુદરતી દુખાવાની તકલીફને દુર કરે છે. કઇ રીતે બનાવવામાં આવે અંગે જ્યારે કોઇ લોકો પ્રશ્ન કરે છે ત્યારે તેનો જવાબ એ છે કે ૨૫૦ મિલી દુધમાં એક ચતુર્થાશ ચમચી હળદરને મિક્સ કરવામાં આવે છે. ત્યારબાદ તેમાં ખાંડ નાંખીને ઉકાળવામાં આવે છે. ફાયદો પણ આનો રહેલો છે. આના કારણે ખાંસી, ગળામાં એલર્જી, ઇજાની પિડા, સોજા અને યુરિન રોગ પ્રતિકારક ક્ષમતામાં વધારો થાય છે.

ડાયાબિટીસના દર્દીઓએ ખાંડ મિક્સ કર્યા વગર આ દુધનો ઉપયોગ કરવામાં આવે તે જરૂરી છે. આવી જ રીતે બદામ તેમાં મિક્સ કરીને પણ દુધ ઉપયોગમાં લઇ શકાય છે. તેમાં વિટામિન, બી૧૨, ઇ, ફાઇબર, પ્રોટીન, કેલ્શિયમ, પોટેશિયમ, મેગ્નીઝ અને મેગ્નેશિયમનુ પ્રમાણ રહેલુ હોય છે. દુધની સાથે આને લેવાથી ફાયદો થાય છે. કઇ રીતે બનાવવમાં આવે તેવા પ્રશ્નના જવાબમાં નિષ્ણાંતો કહે છે કે ૨૫૦ મિલી દુધમાં છ બદામ બારિક પીસીને ખાંડ મિક્સ કરીને તેનો ઉપયોગ કરી શકાય છે. આના કારણે તમામ પ્રકારની નબળાઇ દુર થાય છે અને યાદશક્તિમાં સુધારો થાય છે.

આંખોની રોશની વધારે મજબુત બને છે. દસ્ત અને ભુખ ન લાગવાની સ્થિતીમાં તેનો ઉપયોગ કરવો જોઇએ નહીં. કેળાની સાથે પણ દુધનો ઉપયોગ કરી શકાય છે. કેળામાં કેલ્શિયમ અને મેગ્નેશિયમનુ પ્રમાણ રહે છે જેથી શરીર ખુબ મજબુત રહે છે. ૨૫૦ મિલિગ્રામ દુધમાં એક કેળાને નાંખીને યોગ્ય રીતે ઉકાળીને પીવામાં આવે તો ફાયદો થાય છે. વધારે પ્રમાણમાં કેલેસ્ટ્રોલ ધરાવનાર લોકોએ આનો ઉપયોગ કરવો જોઇએ નહીં. દુધ કેટલા પ્રમાણમાં લેવામાં આવે તેવા પ્રશ્નના જવાબમાં જાણકાર લોકો કહે છે કે સામાન્ય રીતે બાળકથી લઇને મોટી વયના લોકો ૨૫૦ મિલીથી ૫૦૦ મિલી સુધી દુધ એક દિવસમાં લઇ શકે છે. પરંતુ તે વ્યક્તિની શારરિક રચના અને વય પર આધાર રાખે છે.

કેટલા પ્રમાણમાં દુધ લેવામાં આવે તે બાબતે નિષ્ણાંત તબીબોની સલાહ પણ લઇ શકાય છે. રાત્રે ભોજન કર્યા બાદ ઓછા પ્રમાણાં દુધને ગરમ કરીને પિવામાં આવે તો ફાયદો થાય છે. એસિડીટીની સમસ્યા છે તો સામાન્ય તાપમાન પર દુધ પીવામાં આવે તે જરૂરી છે. નાસ્તાની સાથે દુધ લેવાની જરૂર નથી. કફની તકલીફ છે તો આદુ નાંખીને દુધ પિવાથી ફાયદો થાય છે. આર્યુવેદમાં કહેવામાં આવ્યુ છે કે કાચા દુધથી ચામડીના રોગ થાય છે. એલર્જી અને ઉલ્ટી પણ કેટલાક લોકોને થાય છે. તાવ, મલેરિયા જેવા રોગમાં દુધ ઉપયોગી સાબિત થાય છે. એકંદરે દુધથી શરીરને ફાયદો થાય છે.

# સફળતા માટે શારિરીક ફિટનેસ જરૂરી



પોતાની વ્યસ્ત લાઇફ અને જીવનશૈલીને દોષ આપીને કેટલાક લોકો કહે છે કે જીવનમાં ભાગદોડ ખુબ છે જેથી ફિટનેસને લઇને સમય નથી. હકીકતમાં આ પ્રકારની દલીલ બિલકુલ યોગ્ય નથી. વિતેલા વર્ષોના મોડલ અને ખુબસુરત અભિનેતા મિલિન્દ સોમને કહ્યુ છે કે આ પ્રકારના લોકો અંગે તે માને છે કે તેઓ હકીકતમાં કોઇ દોડભાગ કરતા નથી. જો દોડભાગ કરતા હોય તો આટલી બૈચેની જોવા ન મળે. સોમને કહ્યુ છે કે તેઓ ફિજિકલ રીતે દોડવાની વાત કરી રહ્યા છે. તેમનુ કહેવુ છે કે લોકો એક જગ્યાએ બેઠા બેઠા દિમાગી ઘોડા દોડાવતા રહ્યા છે અને આજે ભાગદોડની લાઇફમાં પણ આવા જ દિમાગી ઘોડા દોડાવતા રહે છે. આ પ્રકારના લોકો જુદી જુદી પ્રકારની બિમારીઓને લઇને ફરિયાદ કરતા રહે છે.

તેમનુ માનવુ છે કે આવુ કરનાર લોકો વાસ્તવમાં મોટા ભ્રમમાં રહે છે. તેમનુ માનવુ છે કે ફિટનેસ લાઇફમાં સૌથી ઉપયોગી બાબત છે. આ પ્રકારના લોકોને લાગે છે કે તેઓ દોડી રહ્યા છે પરંતુ હકીકતમાં આપ્રકારના લોકો એક જગ્યાએ બેઠેલા હોય છે. ફિટનેસની પરિભાષા શુ છે શુ તમે મેરાથોન દોડવા અને જુમ્બા ડાન્સ કરવા માટે ફિટ રહેવા માંગો છો. અથવા તો દરરોજની પ્રવૃતિ સરળતાથી થઇ શકે તે માટે ફિટ રહેવા માંગો છો. તમામ લોકો માટે ટ્રેનિંગ અલગ પ્રકારની છે. સોમને કહ્યુ છે કે તેમના માટે સ્વસ્થ અને ફિટ રહેવાની બાબત અલગ છે.

તેમનુ કહેવુ છે કે ફિટ રહેવાની સ્થિતીમાં જ લાઇફની તમામ બાજી જીતી શકાય છે. મિલિન્દ સોમન મોડલ અને અભિનેતા તરીકે લોકપ્રિય છે. છેલ્લા એક દશકમાં સોમને મેરાથોન રનર, ટ્રાયથલિટ અને ઓલરાઉન્ડ ફિટનેસ એમ્બેસેડર તરીકે પોતાની છાપ ઉભી કરી છે. તેમનુ કહેવુ છે કે તે ૧૯૯૮ બાદથી જીમમાં ગયા હતા. તેઓ માત્ર પુશ અપ અને પુલ અપ કરે છે. સાથે સાથે થોડાક સમય માટે દોડ લગાવે છે. તેમનુ કહેવુ છે કે તેઓ અંતિમ શ્વાસ સુધી દોડતા રહેવાની ઇચ્છા રાખે છે. કારણ કે તેમને લાગે છે કે ફિટનેસ માટે તે સૌથી સરળ અને સુલભ માધ્યમ તરીકે છે. જેના પર કોઇ પણ વિશ્વાસ કરી શકે છે.

સ્વસ્થ અને ફિટ રહેવાની બાબત એટલા માટે જરૂરી છે કે તેના વિના તમામ લક્ષ્યને હાંસલ કરી શકાય નહી. દિમાગ જો યોગ્ય રીતે કામ કરશે નહીં તો પણ લક્ષ્ય પુર્ણ થશે નહીં. સાથે સાથે શરીર સાથ આપશે નહીં તો પણ લક્ષ્ય પૂર્ણ થશે નહી.

તાજેતરમાં જ કરવામાં આવેલા એક રસપ્રદ અભ્યાસમાં જાણવા મળ્યું છે કે દિવસમાં ૧૫ મિનિટ સુધી કસરત લાઈફમાં ત્રણ વર્ષનો ઉમેરો કરે છે. તાઈવાનનમાં તાજેતરમાં જ કરવામાં આવેલા અભ્યાસમાં આ મુજબની બાબત જાણવા મળી છે. અભ્યાસમાં એમ પણ જણાવવામાં આવ્યું છે કે મોટાભાગના લોકો ૩૦ મિનિટ સુધીની કસરત કરે તો તેમના લાઈફમાં ઉમેરો કરી શકે છે.

અભ્યાસમાં એવું પણ જાણવા મળ્યું છે કે સપ્તાહમાં પાંચ દિવસ કસરત કરવાથી પણ ફાયદો મળે છે. નિષ્ણાંતોએ કહ્યું છે કે ઓછા ડોઝના કારણે ઓછો ફાયદો થાય છે પરંતુ નિયમિત રીતે ૩૦ મિનિટ સુધી કસરત ખૂબ જ આદર્શ છે. લીડ રિચર્સર તાઈવાનના સીપેગે કહ્યું છે કે દિવસમાં ૧૫ મિનિટ સુધીની કસરતથી પણ ફાયદો થાય છે. વોકીંગથી પણ ફાયદો થાય છે. તાઈવાનની નેશનલ હેલ્થ રિચર્સ ઇન્સ્ટ્રીટ્યુટના પેંગે કહ્યું છે કે પુરુષો, મહિલાઓ, યુવાનો અને વૃદ્ધ લોકો તેમજ ધૂમ્રપાન કરનાર લોકો તથા અસ્વસ્થ રહેતા લોકો માટે પણ નિયમિત પણે કસરત ખૂબ જ ઉપયોગી છે.

જ્યારે પણ કોઈ ખાસ તકલીફના દર્દીને જુએ છે ત્યારે વોકીંગની સલાહ આપે છે અથવા તો તેને હળવી કસરતની સલાહ આપે છે. મેડીકલ જનરલમાં પ્રકાશિત થયેલા તેમના તારણોમાં જણાવવામાં આવ્યું છે કે ૪૧૬૦૦૦ લોકોને આવરી લઈને આ સર્વે કરવામાં આવ્યો હતો જેમાં મોટાભાગના લોકોના મત જાણવામાં આવ્યા હતા. તેમના આરોગ્ય અંગે પણ પ્રશ્નો કરવામાં આવ્યા હતા. અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે ૧૫ મિનિટ કસરતથી ઉપયોગી ફાયદો થાય છે. દરરોજની કસરત કેન્સરના જોખમને ઘટાડવામાં ઉપયોગી સાબિત થાય છે. આ ઉપરાંત સામાન્ય રીતે પીઠમાં દુ:ખાવાનો પણ મદદરૂપ થાય છે.ફિટનેસ સૌથી પહેલી પ્રાથમિકતા રહે તે જરૂરી છે.



## ઈડલી સિઝલર

**સામગ્રી :** 2 નંગ ઈડલી લાંબી કટ કરેલી, 1 નંગ મસાલા ઢોંસા, 1/2 કપ નાની ડુંગળી ઝીણી સમારેલી, 1/2 નંગ કેપ્સિકમ ઝીણું સમારેલું, 1/2 નંગ લાલ કેપ્સિકમ ઝીણું સમારેલું, 1/2 નંગ પીળું કેપ્સિકમ ઝીણું સમારેલું, 1 નંગ લીલી ડુંગળી ઝીણી સમારેલી, 2 ટી સ્પૂન લીંબુનો રસ, 2 ટેબલસ્પૂન માખણ, મીઠું સ્વાદાનુસાર, લાલ મરચું પાવડર સ્વાદાનુસાર, 1 નંગ પાર્સલી ગાર્નિશીંગ માટે.

**રીત :** સૌપ્રથમ એક વાસણમાં એક ટેબલ સ્પૂન માખણ ગરમ કરો. ત્યાર બાદ તેમાં ઈડલી ઉમેરીને સાંતળો. થોડીવાર સાંતળ્યા બાદ તેને એક પ્લેટમાં કાઢી લો. હવે તે જ વાસણમાં અડધી ચમચી માખણ ગરમ કરીને તેમાં ડુંગળઈ નાખીને સાંતળો. લાઈટ પીંક થાય એટલે તેમાં મીઠું નાખીને બરાબર મિક્ષ કરીને આ ડુંગળીને અલગ રાખો. હવે સિઝલર પ્લેટ ગરમ કરો. તેમાં અડધી ચમચી માખણ નાખીને ગરમ કરો. ત્યાર બાદ તેમાં કેપ્સિકમ અને લીલ ડુંગળી નાખીને થોડી વાર માટે ચઢવ દો. હવે તેમાં નાની ડુંગળી, ઈડલી, લીંબુનો રસ, મીઠું અને મરી પાવડર નાખીને સારી રીતે મિક્ષ કરી લો. મસાલા ઢોંસાને બે સરખા ભાગમાં કટ કરો. હવે તેને સિઝલર પ્લેટની બંને બાજુ પર મૂકીને સર્વ કરો.



## ટામેટાના પુડલા

**સામગ્રી :** 250 ગ્રામ ટામેટાં, 200 ગ્રામ ચણાનો લોટ, 100 ગ્રામ ઘઉનો લોટ, આદું-મરચાંની પેસ્ટ, તેલ, મીઠું, મરી, હળદર, ચપટી ખાંડ, હિંગ

**રીત :** સૌપ્રથમ ટામેટાને બાફી તેની છાલ કાઢી રસ ગાળી લેવો. તેમાં ખાંડ નાખવી. ઠંડુ થાય એટલે ઘઉના લોટ અને ચણાના લોટમાં આ રસ નાખવો બધો મસાલો નાખી પૂડલાનું ખીરું તૈયાર કરવું અને નોનસ્ટીક પેનમાં ગુલાબી રંગના પૂડલા ઉતારવા. ચટણી સાથે સર્વ કરવા.

## મીઠો ખીચડો



**સામગ્રી :** ૨ કપ બાજરી, ૧ કપ છાલટાવાળી દાલ, 1 કપ દળેલી ખાંડ, 5-6 કપ પાણી, અડધો કપ ઘી અને તલની રેવડી, મીઠુ સ્વાદ મુજબ.

**રીત :** બાજરી અને મગની દાળને ગરમ પાણીના છાંટા આપીને ૨૦ મિનિટ રાખી મુકો. પછી અધકચરુ ખાંડીને છાલટા જુદા પાડો. કૂકરમાં પાણી ઉકાળો અને ખાંડેલો બાજરો, મગનીદાળ અને મીઠુ નાખીને 3 સીટી વાગતા સુધી થવા દો. ઠંડુ પડતા ગેસ પર ચઢાવો, ઢાંકણ ખોલો અને દળેલી ખાંડ મિક્સ કરો. ૨ મિનિટ બફાવા દો. ખાંડ મિક્સ થઈ જશે. ગરમા ગરમ બાજરીની મીઠી ખીચડી, ઘી અને રેવડીની સાથે પીરસો.



## મેક્સિકન બ્રેડ રોલ

**સામગ્રી :** આઠ બ્રેડની સ્લાઇસ, ભરવા માટે ચાર ચમચા બાફેલા મકાઈના દાણા, એક કેપ્સિકમ ઝીણું સમારેલું, બે ચમચા મેંદો, એક કપ દૂધ, પા કપ છીણેલું ચીઝ, બે ચમચા બટર, મીઠું સ્વાદ પ્રમાણે, તળવા માટે તેલ.

**રીતઃ** ફીલિંગ તૈયાર કરવા માટે એક પેન ગરમ કરો. એમાં મેંદાને હલકી સુગંધ આવે ત્યાં સુધી શેકો. ત્યાર બાદ એમાં દૂધ ઉમેરી મિક્સ કરો. જાડો સોસ તૈયાર થાય ત્યાં સુધી હલાવતા રહો. ત્યાં બાદ તેમાં મકાઈના દાણા, કેપ્સિકમ, ચીઝ અને મીઠું ઉમેરી બરાબર મિક્સ કરો. ગેસ પરથી ઉતારી અલગ રાખો. બ્રેડની કિનારીઓ કાપી લો. ત્યાર બાદ દરેક સ્લાઇસને પાણીમાં બોળી હલકેથી હથેળી વચ્ચે દબાવો અને પાણી કાઢી લો. ત્યાર બાદ આ બ્રેડની સ્લાઇસ પર એક ચમચી તૈયાર કરેલું મિશ્રણ મૂકો. મૂક્યા બાદ એનો લંબગોળ રોલ વાળો, બધી બાજુથી સીલ કરી અલગ રાખો. આ જ રીતે બધા રોલ તૈયાર કરો. તળવા માટે એક કડાઈમાં તેલ ગરમ કરો. તૈયાર કરેલા બ્રેડ રોલ્સને ક્રિસ્પી અને બ્રાઉન થાય ત્યાં સુધી તળો. પેપર પર કાઢો અને ત્યાર બાદ સર્વિંગ પ્લેટમાં ગોઠવી ટમેટો કેચ-અપ અથવા ચિલી સોસ સાથે સર્વ કરો.



## લીલી ડુંગળીના ભજીયા

**સામગ્રી :** 11/2 કપ સમારેલી લીલી ડુંગળી, 3/4 કપ ચણાનો લોટ, 1 ટેબલસ્પૂન ચોખાનો લોટ, 1 ટીસ્પૂન લાલ મરચું પાવડર, 1/2 ટીસ્પૂન ધાણા પાવડર, 1/2 ટીસ્પૂન જીરૂ પાવડર, 1/2 ટીસ્પૂન ગરમ મસાલો, 1 ચપટી હળદર, 2 ટીસ્પૂન તલ, 2 નંગ લીલા મરચાં સમારેલા, 1 ઇંચનો આદુંનો ટુકડો, 3 થી 4 ટેબલસ્પૂન પાણી, મીઠું સ્વાદાનુસાર, તેલ તળવા માટે.

**રીત :**

સૌપ્રથમ લીલી ડુંગળીને બરાબર ધોઈ લો. ત્યાર બાદ તેને સમારી લો. હવે એક મોટા મિક્ષિંગ બાઉલમાં પાણી સિવાયની બધી જ સામગ્રી ઉમેરીને બરાબર મિક્ષ કરી લો. ત્યાર બાદ તેમાં ધીમે-ધીમે થોડું-થોડું પાણી ઉમેરીને પકોડા માટેનું ખીરૂ તૈયાર કરો. ખીરૂ ઘટ્ટ રાખવું. વધારે પાણી ઉમેરીને તેને પાતળું ના કરી દેવુ. હવે એક કડાઈમાં તેલ ગરમ કરો. તેલ ગરમ થાય એટલે તેમાં તૈયાર કરેલા ખીરામાંથી ભજીયા ઉતારો. ધીમા તાપે લાઈટ બ્રાઉન રંગના થાય ત્યાં સુધી તળો. ત્યાર બાદ તેને તેલમાંથી કાઢીને પેપર નેપકિન પર થોડીવાર મૂકીને તૈયારીમાં સર્વ કરો. ગરમા-ગરમ પકોડાને લીલી ચટણી અને સોસ સાથે સર્વ કરો.



## દાળની પૂરી

**સામગ્રી :** ઘઉનો લોટ ૧ વાટકી, અડદની દાળનો લોટ ૨ વાટકી, લીલાં મરચાં ૪ નંગ, આદુંનું છીણ અડધી ચમચી, સમારેલી કોથમીર જરૂર મુજબ, હિંગ ચપટી, જીરું - અડધી ચમચી, તેલ મોણ માટે, તળવા માટે, મીઠું સ્વાદ મુજબ

**રીત :** બંને જાતના લોટ ભેળવીને મોણ નાખો. તે પછી બધી સામગ્રી લોટમાં ભેળવી કઠણ કણક બાંધો. એક કલાક માટે આ કણકને ઢાંકીને રાખો. તે પછી તેમાંથી નાના નાના લૂઆ વાળી પૂરી વણો. તેલ ગરમ કરી તેમાં આ પૂરી તળી લો. ગરમાગરમ પૂરી ચટણી સાથે સર્વ કરો.

# કોરોના સામેનું ભારતનું યુધ્ધ વધુ મજબૂત બન્યું

## સીરમ જૂન ૨૦૨૧ સુધીમાં કોરોનાની બીજી વેક્સિન લોન્ચ કરશે

પૂણે : કોરોના મહામારી વિરુદ્ધ ભારત હવે મજબૂત સ્થિતિમાં જોવા મળી રહ્યુ છે. અહીં દેશવ્યાપી કોરોના રસીકરણ અભિયાન ચાલુ છે, એવામાં દેશને કોરોના સંક્રમણ સામે ત્રીજી વેક્સિન પણ મળે એવી આશા જાગી છે. આ મુદ્દે સીરમ ઈન્સ્ટીટ્યૂટના સીઈઓ અદાર પૂનાવાલાએ મહત્વની જાહેરાત કરતા જણાવ્યું કે, તેઓની કંપની કોરોના વાયરસની બીજી વેક્સિન આ વર્ષે જૂનમાં લોન્ચ કરી શકે છે. તેમના મુજબ આ વેક્સિનને




મંજૂરી મળતાં જ દેશને કોરોના વાયરસની ત્રીજી વેક્સિન મળી જશે.

પૂનાવાલાએ આ અંગે જણાવ્યું હતું કે સીરમ ઈન્સ્ટીટ્યૂટ નોવાવેક્સ વેક્સિનનુ ટ્રાયલ કરી રહી છે અને તેના પરિણામ ઘણા પ્રભાવશાળી આવ્યા છે. ભારતમાં નોવાવેક્સ વેક્સિનના ટ્રાયલ માટે પ્રક્રિયા શરુ કરેલ છે, જે પછી આશા છે કે, જૂન ૨૦૨૧ સુધી વેક્સિન લોન્ચ થઈ જશે. વર્તમાન સમયમાં પૂણેની સીરમ ઈન્સ્ટીટ્યૂટની કોવિશીલ્ડ અને ભારત બાયોટેકની સ્વદેશી વેક્સિન કોવાક્સીન દેશભરમાં લોકોને લગાવવામાં આવી રહી છે.

હાલમાં ભારતમાં ત્રણ વેક્સિન સિવાય અન્ય ચાર વેક્સિન તૈયાર કરવામાં આવી રહી છે. દેશવ્યાપી રસીકરણ અભિયાન હેઠળ તેના પહેલા તબક્કાની શરુઆત ૧૬ જાન્યુઆરીએ કરવામાં આવી હતી. જેમાં અત્યાર સુધી ૩૩ લાખ સ્વાસ્થ કર્મચારીઓને કોરોના વેક્સિન લાગી ચૂકી છે અને પહેલી ફેબ્રુઆરીથી ફ્રન્ટલાઈન વર્કર્સને કોરોના વેક્સિન લગાવવામાં આવશે.

## સાધુ છેલ્લા ૬૦ વર્ષથી ગુફામાં રહે છે

# ફક્કડ બાબાનું મહાદાન : રામ મંદિર માટે ૧ કરોડ રૂપિયા આપ્યા

હરિદ્વાર : ઋષિકેશના ૮૩ વર્ષીય સંત સ્વામી શંકર દાસે જ્યારે અયોધ્યામાં રામ મંદિર બનાવવા માટે એક કરોડ રૂપિયાનું દાન કર્યું ત્યારે બધા ચોંકી ગયા હતા. તેઓ છેલ્લા ૬૦ વર્ષથી ગુફામાં રહે છે. સ્વામી શંકર દાસે કહ્યું કે, તેમના ગુરુ ટાટવાળા બાબાની ગુફામાં મળી રહેલા શ્રદ્ધાળુઓના અનુદાન દ્વારા આ રકમ એકઠી કરી છે.



બુધવારે ઋષિકેશમાં ભારતીય સ્ટેટ બેંકની મુખ્ય શાખાના કર્મચારીઓ ત્યારે આશ્ચર્યચકિત થઈ ગયા જ્યારે શંકર દાસ એક કરોડનો ચેક લઈને આવી પ હોંચ્યા હતા. જ્યારે બેંકના કર્મચારીઓએ તેમનું એકાઉન્ટ ચેક કર્યું તો તેમનો ચેક સાચો હોવાની પુષ્ટિ થઈ હતી. આ પ છી, આરએસએસ અધિકારીઓને બોલાવવામાં આવ્યા હતા જેથી પ્રક્રિયા પૂર્ણ થઈ શકે.

ઋષિકેશ આરએસએસના વડા સુદામા સિંઘલે સ્થાનીક અખબારને કહ્યું, 'માહિતી મળતાંની સાથે જ અમે બેંકમાં પ હોંચી ગયા. સાધુઓ સીધા પૈસા દાન કરી શકતા નથી, તેથી આ ચેક અમને આપવામાં આવ્યો હતો અને અમે તેમને એક રસીદ આપી હતી. હવે બેંક મેનેજર ચેક ટ્રસ્ટ ખાતામાં જમા કરાવશે.

સ્વામી શંકર દાસે કહ્યું કે તેઓ ગુપ્ત દાન કરવા ઈચ્છતા હતા, પ રંતુ દાનની રકમ જાહેર કરવા માટે સંમત થયા કે તે મંદિરના નિર્માણ માટે અન્ય લોકોને પ્રેરણારૂપ કરશે. સ્વામી શંકરદાસને સ્થાનિક લોકો ફક્કડ બાબા કહીને બોલાવે છે, લોકોના દાન-દક્ષિણાથી જ તેમનું જીવન ચાલે છે.

# વિશ્વના ભ્રષ્ટ રાષ્ટ્રોમાં ૧૮૦ દેશોમાં ભારત ૮૬મા ક્રમે, ન્યૂઝીલેન્ડ સૌથી પ્રમાણિક



બર્લિન : ભ્રષ્ટાચારના મુદ્દે ભારત વિશ્વસ્તરે હજુ પણ અત્યંત ખરાબ સ્થિતિમાં છે. કોરોના કાળ દરમિયાન ટ્રાન્સપરેન્સી ઈન્ટરનેશનલ રિપોર્ટમાં આ અંગેનો ખુલાસો કરવામાં આવ્યો હતો. જે દર્શાવે છે કે, પડોસી દેશોમાં ચીનની સરખામણીએ ભારતમાં કરપ્શન વધારે છે જ્યારે પાકિસ્તાન તો આખુ ભ્રષ્ટાચારમાં ડૂબેલુ છે. આ સરવે મુજબ ન્યૂઝીલેન્ડ વિશ્વના ૧૮૦ દેશોની સરખામણીએ ભ્રષ્ટાચાર નાબૂદ કરવામાં પહેલા સ્થાને છે. જ્યારે ડેનમાર્ક બીજા ક્રમ પર છે.

ટ્રાન્સપરેન્સી ઈન્ટરનેશનલ રિપોર્ટમાં ૧૮૦ દેશોના સમૂહમાં ભારત ભ્રષ્ટાચારના મુદ્દે ૮૬માં નંબર પર છે. રિપોર્ટમાં એ વાતનો ખુલાસો પણ થયો હતો કે, જે દેશોમાં ઓછો ભ્રષ્ટાચાર છે તેઓ કોરોના મહામારી સામે બહુ જલ્દીથી ઉભરી આવ્યા હતા. કરપ્શનના મુદ્દે ૨૦૧૯માં ભારત ૮૦માં ક્રમે હતું. કરપ્શનના મુદ્દે પડોસી દેશ પાકિસ્તાન પણ સૌથી ખરાબ દેશોની યાદીમાં સામેલ છે. આ રેંકીંગમાં પાકિસ્તાન ૧૨૪માં સ્થાને હતું, જ્યારે ચીન ૭૮માં ક્રમે છે.

આ સિવાય નેપાળ ૧૧૭માં અને બાંગ્લાદેશ ૧૪૬માં ક્રમે છે. આ રિપોર્ટમાં જાહેર ક્ષેત્રો અને બિઝનેસ સાથે જોડાયેલા લોકોની સલાહ લેવામાં આવી હતી. આ માટે ૦-૧૦૦ના સ્કેલ પર રેક્કિંગ કરવામાં આવ્યું હતું. ૦ એ દેશને મળતો જ્યાં સૌથી વધુ ભ્રષ્ટાચાર છે અને ૧૦૦નો આંકડો એ દેશને મળતો જ્યાં ભ્રષ્ટાચાર સૌથી ઓછો કે બિલકુલ નથી. ભ્રષ્ટાચારના મુદ્દે મહાસત્તા અમેરિકાની રેક્કિંગ પર ગગડી હતી. આ વર્ષે અમેરિકાનો ક્રમ ૬૭ હતો.

જ્યારે કોરોના કાળમાં ન્યૂઝીલેન્ડએ તેના યથાગ પ્રયત્નોથી દુનિયાભરની પ્રશંસા મેળવી હતી. રિપોર્ટમાં ૮૮નો આંકડો મેળવી ન્યૂઝીલેન્ડ વિશ્વના ૧૮૦ દેશોની સરખામણીએ સૌથી ઓછો ભ્રષ્ટાચાર વાળો દેશ હતો. સૌથી ઓછુ ભ્રષ્ટાચાર ધરાવતા ૧૦ દેશોની યાદીમાં પ્રથમ ન્યૂઝીલેન્ડ પછી ડેનમાર્ક બીજા ક્રમે છે. ફિનલેન્ડ ત્રીજા સ્થાને છે. જે પછી અનુક્રમે સ્વિત્ઝરલેન્ડ, સિંગાપુર, સ્વિડન, નોર્વે, નેધરલેન્ડ, લગ્ઝમબર્ગ અને જર્મની હતા. રિપોર્ટ મુજબ દક્ષિણ સૂદાન અને સોમાલિયા વિશ્વના સૌથી વધુ ભ્રષ્ટાચારી દેશો છે.

# ઈન્ટાગ્રામની યાદીમાં કોહલી ૨૬મા અને પ્રયિંકા ૨૮મા ક્રમે

મુંબઈ : ઈન્સ્ટાગ્રામ રિચેસ્ટ ૨૦૨૦ ટોપ ૧૦૦ ના લિસ્ટમાં વિરાટ કોહલી ૨૬મા નંબર પર છે, જ્યારે પ્રિંયકા ચોપરા ૨૮મા નંબર પર છે. ભારતમાં તે સૌથી મોંઘા સેલિબ્રિટી છે. પ્રતિ પોસ્ટ તે સૌથી વધુ પૈસા લે છે. વિરાટની બ્રાન્ડ વેલ્યૂનો અંદાજ તે વાત પરથી પણ આવે છે કે બોલિવૂડ અભિનેત્રી પ્રિયંકા પણ તેનાથી પાછળ છે. વિરાટ ભારતમાં જ નહીં પરંતુ સમગ્ર ક્રિકેટ જગતનો એક માત્ર ખેલાડી છે જેને આ લિસ્ટમાં સ્થાન મળ્યું છે. પ્રિયંકા ચોપરાને એક પોસ્ટ માટે લગભગ ૨.૧૫ કરોડ રૂપિયા મળે છે. ગયા વર્ષના આંકડા પર નજર કરવામાં આવે તો પ્રિયંકા વર્લ્ડ વાઈડ ૧૯મા સ્થાન પર હતી, જ્યારે કોહલી ૨૩માં નંબર પર હતો. અત્યારે વિરાટનો નંબર ૨૬મો છે અને પ્રિયંકા ૨૮માં નંબર પર છે. આ લિસ્ટમાં પહેલા સ્થાન પર કાયલી જેનર છે અને બીજા નંબર પર અરિયાના ગ્રાંડે છે. ટોપ ૧૦માં પુરી રીતે અમેરિકી સેલિબ્રીટીનો દંબદબો છે. એવામાં પ્રિયંકા ચોપરાને એક ભારતીય તરીકે આ લિસ્ટમાં સ્થાન ઘણુ મહત્વનું છે. આ લિસ્ટને એ આધાર પર તૈયાર કરવામાં આવે છે કે સેલિબ્રિટીએ કોઈ સ્પોન્સર માટે કેટલા રૂપિયા લીધા છે. આ રીતે આપણે કહી શકીએ છીએ કે પ્રિયંકા અને વિરાટ કોહલી તે ટોપ એશિયાઈ સેલિબ્રિટીમાં છે જેઓ ઈન્સ્ટાગ્રામથી વધુ કમાણી કરે છે.

# લખા સદાના, પંજાબી એક્ટર દીપ સિદ્ધુ વિરુદ્ધ કેસ દાખલ

નવી દિલ્હી : ગણતંત્ર દિવસના અવસરે ખેડૂતોની ટ્રેક્ટર રેલી દરમિયાન થયેલી હિંસા મામલે દિલ્હી પોલીસે ગેંગસ્ટરમાંથી એક્ટિવિસ્ટ બનેલા લખા સદાના અને પંજાબી એક્ટર દીપ સિદ્ધુ વિરુદ્ધ કેસ દાખલ કર્યો છે. દિલ્હી પોલીસના સૂત્રોના જણાવ્યાં મુજબ પોલીસ ઉપદ્રવમાં બંનેની ભૂમિકા અંગે તપાસ કરી રહી છે. ૨૬ જાન્યુઆરીના રોજ આઈટીઓ અને લાલ કિલ્લામાં થયેલી હિંસા મામલે દીપ સિદ્ધુ અને લખા સદાનાની સૌથી મહત્વની ભૂમિકા છે. ખેડૂત આંદોલન દરમિયાન આ બંને ખુબ એક્ટિવ હતા. જો કે બાદમાં ખેડૂતોના કેટલાક સંગઠનોએ દીપ સિદ્ધુને પ્રદર્શનથી હટાવ્યો હતો. સૂત્રોના જણાવ્યાં મુજબ બંને ખેડૂત પ્રદર્શનમાંથી કેટલાક દિવસ માટે ગાયબ થયા



હતા.

રિપોર્ટ મુજબ લખા સદાનાએ સિંઘુ બોર્ડર પર રેડ લાઈટ પર બેઠેલા ખેડૂતો વચ્ચે ભડકાઉ ભાષણ આપ્યું હતું અને હિંસા માટે ઉક્સાવ્યા હતા. લખા સદાના સામે પંજાબમાં પહેલેથી ૨૬ કેસ દાખલ છે. દિલ્હી પોલીસના સૂત્રોના જણાવ્યાં મુજબ દિલ્હી પોલીસ સ્પેશિયલ સેલે શીખ ફોર જસ્ટિસ સંગઠન વિરુદ્ધ છઁછ અને દેશદ્રોહની કલમોમાં એફઆઈઆર દાખલ કરી છે. અત્રે જણાવવાનું કે ભારત સરકાર શીખ ફોર જસ્ટિસ સંગઠન પર પ્રતિબંધ લગાવી ચૂકી છે. ખેડૂત આંદોલન દરમિયાન શીખ ફોર જસ્ટિસે લાલ કિલ્લા પર ઝંડો ફરકાવવાની જાહેરાત કરી હતી અને ઝંડો ફરકાવનારાને ઈનામ આપવાની પણ જાહેરાત કરી હતી.

હિંસા મુદ્દે દિલ્હી પોલીસ કમિશનર એસએન શ્રીવાસ્તવ તરફથી ખેડૂત નેતા દર્શનપાલ સિંહને નોટિસ મોકલવામાં આવી છે અને જવાબ માટે ૩ દિવસનો સમય અપાયો છે. નોટીસમાં તેમને પૂછવામાં આવ્યું છે કે ટ્રેક્ટર પરેડ અંગે દિલ્હી પોલીસ સાથે જ નક્કી થયું હતું, તમે તે નિયમોનો ભંગ કર્યો છે. તમારા વિરુદ્ધ કાયદાકીય કાર્યવાહી કેમ ન કરવામાં આવે?

# સુનંદાને ભૂલ સમજાઈ

મહેશ અને મનીષાને સુખડી ખૂબ ભાવે. "બહેના, તને સુખડી ભાવે."

"હા ભઈલા, તને ભાવે?"

"હા, મને તો સુખડી ખૂબ ભાવે. ચાલને ભઈલા મમ્મીને વાત કરીએ કે આજે સુખડી બનાવે."

મહેશે કહ્યું, "મમ્મી, તે ઘણા દિવસોથી સુખડી બનાવી નથી."

મનીષા બોલી, "હા, મમ્મી તું સુખડી બહુજ સરસ બનાવે છે. તારા જેવી સુખડી કોઈની પણ મમ્મી ન જ બનાવે, ખરુંને ભઈલા?"

રમણીકભાઈ બોલ્યા, "તમારે સુખડી જ ખાવી છે માટે મમ્મીને મસ્કા મારો છો ને?"

ના, પાપા. હા..હા.. ના. હા,ના. બન્ને ભાઈ બહેનો કરવા લાગ્યા.

એમ કરને સુનંદા આજે છોકરાઓની ઈચ્છા સુખડી ખાવાની છે. એટલે તું સુખડી બનાવને.

છોકરાઓને ખાવી છે કે તમારે?

મારે પણ ખાવી છે. હસતા હસતા રમણીકભાઈ બોલ્યા. આપણે બધાય ખાઈએ.

મહેશ બોલ્યો. હા મમ્મી, અમારે સૌને સુખડી ખાવી છે. મમ્મી સુખડી બનાવને?

સારું. કહી મમ્મી સુખડી બનાવવા લાગ્યા. ચોખ્ખા ઘીની સુખડી બનતા સુગંધ આવવા લાગી. બન્ને ભાઈ-બહેનના મોઢામાં પાણી આવ્યું. મમ્મી, મમ્મી સુખડીની કેવી સરસ સુગંધ આવે છે ખરુંને? જલ્દી બનાવને. અમને બહુ ભૂખ લાગી છે. મહેશ બોલ્યો. હા, મમ્મી મને પણ અને પપ્પા બોલ્યા મને પણ.

સારું, સારું, હું સૌને સુખડી ગરમ ગરમ આપીશ. થોડી શાંતિ રાખો.


સુખડી બની ગઈ. સૌએ હોંશે હોંશે સુખડી ખાધી.

સુનંદાએ સુખડીને એક ડબ્બામાં ભરીને ક્યાંક સંતાડી દીધી.

બીજા દિવસે મહેશ બોલ્યો, બેના, મમ્મીએ સુખડી ક્યાં મુકી છે. તે જરા પૂછને.

હું ના પૂછું. મમ્મી મને બોલે. પપ્પાને કહીએ. ના. ના. પાપાને નથી કહેવું. મહેશ બોલ્યો.

મમ્મી બહાર હતી. મહેશ સુખડીનો ડબ્બો શોધવા લાગ્યો. એક પછી એક ડબ્બા ખોલ્યા. પણ સુખડી ના મળી. તેમાં એક ડબ્બો હાથમાંથી છૂટી ગયો અને અવાજ થયો.



મમ્મીએ બૂમ પાડી. આ અવાજ શેનો આવ્યો. મમ્મી, મમ્મી, બિલાડી દોડતી દોડતી આવીને ડબ્બો પાડીને જતી રહી.

ઠીક છે, દૂધ તો નથી પીધું ને?

"અમે છીએને મમ્મી, બિલાડીને દૂધ પીવા શેના દઈએ?" મહેશ બોલ્યો. ભઈલા, સુખડી ક્યાં? શોધને? હું એજ શોધું છું. મમ્મી પણ જબરી છે. સુખડી પણ એવી જગ્યાએ મૂકી છે કે મળે જ નહી.

બહેન, હું ઘોડો બનું. તું મારી પીઠ પર ઉભી રહે અને ડબ્બો શોધ. મનીષા મહેશની પીઠ ઉપર ચડીને ડબ્બો લેવા ગઈ. ત્યાં ડબ્બો નીચે પડયો ને સુખડી ઢોળાઈ ગઈ.

બન્ને ભાઈ બહેન ખુશ થયા. સુખડી મળી ગઈ. બન્ને જણાએ સુખડી લીધી. બાકીની સુખડી ડબ્બામાં ભરી દીધી. ડબ્બો પાછો હતો ત્યાં મુકી દીધો.

બન્ને ભાઈ-બહેને સુખડી ખાધી. તેમને સુખડીનો ડબ્બો શોધ્યાનો આનંદ હતો જાણે કે તેમને કંઈ શોધ કરી હોય. કોઈ મોટો વિજય મેળવ્યો હોય તેવું લાગ્યું.

મનીષા બોલી, પપ્પા, તમે સુખડી ખાવ મમ્મીએ આપી છે. બધાએ સુખડી ખાધી. મોં સાફ કર્યા ને સુખડીની ડીસો સાફ કરીને મુકી દીધી.

ત્યાં સુનંદા ઘરમાં આવી. કીડીઓ જોઈ એએએ આ કીડીઓ ક્યાંથી આવી? જોયું તો સ્ટોરરૂમમાંથી આવી હતી. નીચે સુખડીનો ભૂકો ઢોળાયો હતો.

મમ્મી બોલી, આ સુખડીનો ભૂક્કો ઢોળાયો કેવી રીતે? સુખડી ખાધી કોણે?

બન્ને ભાઈ બહેન ગભરાઈ ગયા. હવે મમ્મી મારશે અને વઢશેય ખરી.

રમણીકલાલ બોલ્યા, 'મેં ખાધી.'

'તમે ખોટું બોલો છો. આ બધા કારસ્તાન છોકરાંના જ હોય. છોકરાઓએ છાના માના સુખડી ખાધી છે.'


'હા. તેમણે છાના માના ખાધી છે. કોઈ દિવસ ખાવાનું સંતાડવું નહીં. છોકરાઓને ભાવે એટલે તે શોધવાના. છાનામાના, ચોરી છૂપીથી ખાવાના મારની બીકે જૂઠું બોલવાના. આનાથી બાળકોમાં કુટેવ આવે. છાના માના ખાવાનું, છૂપાઈને ખાવાનું અને ભવિષ્યમાં તેઓ જુઠૂં બોલે અને ચોરી પણ કરતા શીખી જાય.' રમણીકભાઈ બોલ્યા.

હંમેશા ક્યારેય કોઈ વસ્તુ છૂપાવી નહી. નહીંતર બાળકો જીવનમાં ખોટું કરશે ને ખોટું શીખશે.


સુનંદા બોલી, 'હા. તમારી વાત સાચી છે. હવેથી હું આવું કદીય નહીં

**બાળમિત્રો, નીચે આપેલા ચિત્રમાંથી ૦૭ તફાવત શોધી આપો.**






**બાળમિત્રો, નીચે આપેલા ચિત્રમાં તમને મનગમતાં કલર પુરો**



# દમદાર પોસ્ટરની સાથે સામે આવી RRRની રિલીઝ ડેટ



ગત વર્ષ મૂવી લવર્સ માટે થોડું નિરાશાજનક રહ્યું હતું પરંતુ નવા વર્ષની શરૂઆત નવી આશાઓ લઈને આવ્યું છે. હવે બાહુબલી નિર્માતા એસએસ રાજામૌલીની મોસ્ટ અવેટેડ ફિલ્મ આરઆરઆરનું દમદાર પોસ્ટર સામે આવ્યું છે. આ દમદાર પોસ્ટરની સાથે મેકર્સે ફિલ્મની રિલીઝ ડેટ પણ જાહેર કરી છે. મલ્ટીસ્ટારર ફિલ્મ આરઆરઆર (RRR) દશેરાના તહેવાર પર ૧૩ ઓક્ટોબર ૨૦૨૧નાદિવસે દુનિયાભરમાં રિલીઝ થશે. જૂનિયર એનટીઆર, રામ ચરણ, અજય દેવગણ, આલિયા ભટ્ટ, સમુથિરકાની અને એલિસન ડૂડી સહિત સિનેમા જગતના અન્ય લોકપ્રિય કલાકારો છે. આરઆરઆર એક પીરિયડ એક્શન ફિલ્મ છે, જેમાં દિગ્ગજ સ્વતંત્રતા સેનાનીઓ કોમારામ ભીમ અને અલ્લૂરી સીતારામારાજૂના યુવા દિવસોનું એક કાલ્પનિક વર્ણન કરવામાં આવ્યું છે. આ વિશે વાત કરતા નિર્માતા ડીવીવી દાનય્યાએ કહ્યું કે, અમે 'આરઆરઆર'ના શૂટિંગ શેડ્યૂલના અંતની નજીક પહોંચી ગયા છીએ. અમે દર્શકોની સાથે સિનેમાઘરોમાં દશેરા જેવો મોટા ઉત્સવને મનાવવા માટે ખુબજ ઉત્સાહિત છીએ. અભિનેતા ફિલ્મ માટે તેલુગુ ભાષા શીખી રહ્યા છે કેમ કે, તેમની પ્રથમ ફિલ્મ છે. ફિલ્મમાં આલિયાને રામ ચરણ સાથે જોડવામાં આવી છે, જ્યારે જૂનિયર એનટીઆર ઓલિવિયાની સાથે રોમાન્સ કરતા જોવા મળશે. આરઆરઆર એક અખિલ ભારતીય ફિલ્મ છે, જે ડીવીવી દાનય્યા દ્વારા ડીવીવી એન્ટરટેનમેન્ટ્સ બેનર હેઠળ બનાવવામાં આવી રહી છે. ફિલ્મને તેલુગુ, હિન્દી, તમિલ, મલયાલમ, કન્નડ સહિત અન્ય ભારતીય ભાષામાં રિલીઝ કરવામાં આવશે.



# દિલ ધડકને દોમાં પ્રિયંકાના પિતા બનતા હું ખચકાતો હતો : અનિલ કપૂર

ઝોયા અખ્તરની ફિલ્મ દિલ ધડકને દોમાં કમલ મહેરાના કેરેક્ટરમાં જોવા મળેલા અનિલ કપૂરને પ્રેક્ષકો તેમજ ક્રિટિક્સ તરફથી પોઝિટિવ રિવ્યૂ મળ્યા હતા. જો કે એક ન્યૂઝ પોર્ટલ સાથે વાતચીત કરતાં હાલમાં તેમણે ખુલાસો કર્યો છે કે, શરુઆતમાં તેઓ ફિલ્મમાં પ્રિયંકા ચોપરાના પિતાનો રોલ પ્લે કરવામાં ખચકાટ અનુભવી રહ્યા હતા. અનિલ કપૂરે કહ્યું કે, તેઓ કરિયરની શરુઆતથી ઘણા હિંમતવાળા રહ્યા છે અને લમ્હેંમાં પણ તેમણે એક ઉંમરવાળી વ્યક્તિનો રોલ પ્લે કર્યો હતો. પરંતુ પ્રિયંકા ચોપરાના પિતાનો રોલ નિભાવવો થોડું અજીબ હતું કારણ કે પહેલા તેઓ બંને એક ફિલ્મમાં રોમાન્ટિક કપલ તરીકે કામ કરવાના હતા. એક્ટરે કહ્યું કે, પ્રિયંકા ચોપરાના પિતા યાર. અમે એક ફિલ્મમાં સાથે કામ કરવાના હતા જેમાં મારા તેની સાથે રોમાન્ટિક રિલેશનશિપ હતા. મને લાગ્યું કે, રણવીર સિંહ તો ન્યૂકમર છે યાર. આપને જણાવી દઈએ કે, પ્રિયંકા ઉંમરમાં અનિલ કપૂરથી ૨૬ વર્ષ નાની છે. પ્રિયંકા ૩૮ વર્ષની છે તો અનિલ કપૂર ૬૪ વર્ષના છે. આ અંગે વધુ વાત કરતાં અનિલ કપૂરે કહ્યું કે, તેમના દીકરા હર્ષવર્ધને તેમને આ રોલ લઈ લેવા માટે સમજાવ્યા હતા. હર્ષે તેમને કહ્યું હતું કે, તેઓ વાસ્તવમાં પ્રિયંકા ચોપરાના પિતા નથી. તેમણે માત્ર રોલ જ કરવાનો છે. દિલ ધડકને દોમાં અનિલ કપૂરે બિઝનેસમેનનો રોલ નિભાવ્યો હતો, જે દેવાળુ ફૂંકવાની કગાર પર હોય છે. ફિલ્મમાં પ્રિયંકા અને રણવીરે તેમના બાળકોનો રોલ કર્યો હતો. ફિલ્મમાં અનુષ્કા શર્મા, ફરહાન અખ્તર, રાહુલ બોઝ અને શેફાલી શાહ પણ મહત્વના રોલમાં હતા. વર્કફ્રંટની વાત કરીએ તો અનિલ કપૂર રાજ મહેતાની ફિલ્મ જુગ જુગ જીયોમાં જોવા મળશે. જેમાં તેમની સાથે નીતૂ કપૂર, વરુણ ધવન અને કિયારા અડવાણી છે. આ સિવાય, અનિલ કપૂર સંદીપ રેડ્ડી વાંગાની અપકમિંગ ફિલ્મ એનિમલનો પણ ભાગ છે. જેમાં રણબીર કપૂર, પરિણીતી ચોપરા અને બોબી દેઓલ પણ લીડ રોલમાં છે.






# આ વર્ષે ઈદ પર રિલીઝ થશે રાધેઃ યોર મોસ્ટ વોન્ટેડ ભાઈ

સલમાન ખાને હાલમાં જ જાહેરાત કરી હતી કે તેની અપકમિંગ ફિલ્મ રાધેઃ યોર મોસ્ટ વોન્ટેડ ભાઈ ૨૦૨૧ની ઈદ પર થિયેટરમાં રિલીઝ થવાની છે. આ ફિલ્મમાં સલમાન સાથે દિશા પટણી પણ છે. લોકડાઉનમાં રાહત અપાતાં થિયેટરો અને સિનેમા હોલ ખુલી ગયા છે અને ફરીથી દર્શકો મોટા પડદે ફિલ્મની મજા લઈ શકે છે. દિશાએ કહ્યું રાધે થિયેટરોમાં રિલીઝ થશે અને હું ખૂબ ઉત્સાહિત છું કે ઓડિયન્સ ફિલ્મની એક્શન અને મસ્તી મોટી સ્ક્રીન પર નિહાળી શકશે. સલમાન ખાને ઈન્સ્ટાગ્રામ પર પોસ્ટ મૂકીને લખ્યું હતું, માફ કરજો તમામ થિયેટરના માલિકોને જવાબ આપવામાં મને સમય લાગ્યો. પરંતુ આવા સમયગાળા દરમિયાન આ ખૂબ મહત્વનો નિર્ણય હતો. હું સમજી શકું છું કે હાલ થિયેટરના માલિકો/એક્ઝિબિટર્સ કયા પ્રકારની આર્થિક મુશ્કેલી વેઠી રહ્યા છે અને હું રાધે થિયેટરમાં રિલીઝ કરીને તેમની મદદ કરવા માગુ છું. બદલામાં હું તેમની પાસેથી અપેક્ષા રાખું છું કે તેઓ થિયેટરમાં રાધે જોવા આવનારી ઓડિયન્સની સુરક્ષા માટે તમામ પ્રકારની કાળજી અને જરૂરી પગલાં લેશે. મેં તમને ઈદનું વચન આપ્યું હતું અને હવે ૨૦૨૧ની ઈદ પર આવી રહી છે. આ વર્ષે ઈદ પર રાધેની મજા લો. થોડા દિવસ પહેલા થિયેટરોના માલિકોએ સલમાન ખાનને પત્ર લખીને વિનંતી કરી હતી કે તેઓ રાધે ફિલ્મને થિયેટરમાં રિલીઝ કરે. જેથી કોરોનાના કારણે જે નુકસાન થયું છે તેની થોડીઘણી ભરપાઈ થઈ શકે.

# દિલ વિચ ગીત યૂટ્યૂબ પર ધમાલ મચાવી રહ્યું છે

પ્રેમને સમજાવવાના અનેક લોકો દ્વારા જુદી જુદી રીતે પ્રયત્નો કરવામાં આવ્યા છે કોઈક એ ગીત દ્વારા તો કોઈક એ ફિલ્મ દ્વારા પોતાની રીતે પ્રેમ ને દર્શાવ્યા છે. કોઈપણ પ્રેમ ની વાતમાં જ્યારે પ્રથમ પ્રેમ ની વાત કરવામાં આવે એ ખુબજ અનોખી લાગતી હોય છે અને ઘણા લોકોને એ જોવી અને સાંભળવી ખુબજ ગમે છે. ક્લાઉડલેન્ડ એન્ટરટેઇન્મેન્ટના આ રોમેન્ટિક સોન્ગ દિલ વિચમાં એક અનોખા પ્રકારમાં પ્રેમ ને રજુ કરવામાં આવ્યું છે. જેમાં ભૌમિક પટેલ અને જાહન્વી ચૌહાણ જોવા મળે છે. આ ગીતને લોકો ખૂબ પસંદ કરી રહ્યા છે અને માત્ર ૩ દિવસમાં આ ગીત ના ૫ લાખ થી વધારે લોકો એ જોઇ ચૂક્યા છે. આ સોન્ગનું મ્યુઝિક અર્જુન પટેલ દ્વારા કમ્પોઝ કરવામાં આવ્યું છે. તાજેતરમાં જ તેની સક્સેસ પાર્ટીનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. દિલ વિચ ગીત ના એક્ટર, પ્રોડ્યુસર અને સિંગર ભૌમિક પટેલ એ જણાવ્યું કે આ ગીત ગુજરાતના સુરત અને દમણના લોકેશન પર શૂટ કરવામાં આવ્યું છે.અમે આ ગીત માટે ખુબ જ મેહનત કરી છે અને કોઈ પણ રીતે પ્રેમને લોકો સમક્ષ પ્રસ્તુત કરવું જરાય પણ સહેલું હોતું નથી કેમકે પ્રેમ વિષે ઘણી બધી વસ્તુઓ બની ચુકી છે. એક્ટ્રેસ જાહન્વી ચૌહાણ એ જણાવ્યું કે પ્રેમ હંમેશાં વિશેષ હોય છે, પરંતુ તમારો પહેલો પ્રેમ તમને સ્વાભાવિક રીતે અનન્ય એવી રીતે આગળ ધરે છે.તે તમને એવી અનુભૂતિઓનો પરિચય આપે છે જેની પહેલાં તમે ક્યારેય ન હતી, વધુ સારા માટે કે ખરાબ માટે અને અમે એ બધાજ અનુભવો અને લાગણીઓ લોકો ની સમક્ષ આ ગીત થકી રજુ કરવા માંગતા હતા.



# ફિલ્મ ભૂલ ભૂલૈયા ૨ માટે તબ્બુ પાસે તારીખો નથી



કોરોના વાયરસ મહામારી અને લોકડાઉનના કારણે અનિસ બઝમીની ફિલ્મ ભૂલ ભૂલૈયા ૨નું શૂટિંગ માર્ચ ૨૦૨૦થી અટકી ગયું હતું અને પાછળ ઠેલાયું હતું. હવે લેટેસ્ટ રિપોર્ટ પ્રમાણે, ફિલ્મના મેકર્સે કાસ્ટ અને ક્રૂને જાન્યુઆરીના અંતે નવી તારીખો આપી હતી. જો કે, આ ફિલ્મનો મહત્વનો ભાગ ગણાતી એક્ટ્રેસ તબ્બુએ તારીખોમાં ઉપલબ્ધ નથી. તારીખોની સમસ્યાને કારણે તબ્બુ આ પ્રોજેક્ટમાંથી નીકળી જવાનું વિચારી રહી હતી, તેવો મીડિયા રિપોર્ટમાં ઉલ્લેખ છે. જો કે, ફિલ્મના મેકર્સ તબ્બુને ફિલ્મમાં રોકી રાખવા માગે છે માટે જ તેઓ તેની (તબ્બુ) અનુકૂળતા મુજબ શિડ્યુલમાં ફેરફાર કરી રહ્યા છે. આ મહિનાના અંતથી ફિલ્મનું શૂટિંગ શરૂ થવાનું હતું અને બાદમાં લખનૌમાં પણ એક નાનકડું શિડ્યુલ હતું તે હવે કામચલાઉ ધોરણે જુલાઈ ૨૦૨૧ સુધી પાછળ ઠેલાયું છે. આ ફિલ્મમાં કાર્તિક આર્યન અક્ષય કુમારના સ્થાને જોવા મળશે. જો કે, આ હોરર-કોમેડીના મેકર્સે સ્પષ્ટ કરી દીધું છે કે, ભૂલ ભૂલૈયા ૨ ઓરિજિનલ ફિલ્મ ભૂલ ભૂલૈયાની સીક્વલ નહીં હોય. ફ્રેન્ચાઈઝી જાળવી રાખવા માટે જ ખાલી નામ સરખા રાખવામાં આવ્યા છે. જણાવી દઈએ કે, ભૂલ ભૂલૈયા'માં અક્ષય કુમાર અને વિદ્યા બાલન મુખ્ય ભૂમિકામાં હતા. ભૂલ ભૂલૈયા ૨માં તબ્બુ અને કાર્તિક આર્યન ઉપરાંત કિયારા અડવાણી પણ લીડ રોલમાં છે. આ પહેલી ફિલ્મ છે જેમાં કિયારા અડવાણી અને કાર્તિક આર્યન સાથે જોવા મળશે.

# ગુજરાતની જેમ વારાણસીમાં ગંગા કિનારે ટેન્ટ સિટી બનશે

વારાણસી : 'કચ્છ નહી દેખા તો કૂછ નહીં દેખા....' ની તર્જ પર કચ્છનો પર્યટક સ્થળ તરીકે થયેલા વિકાસની દુનિયાભરમાં નોંધ લેવાઈ છે. ત્યારે વધુ એક પ્રદેશ કચ્છના રણોત્સવથી પ્રેરણા લઈ મહોત્વનું આયોજન કરવા જઈ રહ્યું છે. રણોત્સવની થીમ પર ભગવાની શિવની નગરીમાં કાશી મહોત્સવનું આયોજન કરાશે. તંત્રએ ગંગા કિનારે કાશી મહોત્સવ (ઙ્ઘજૈ દ્બર્ઙ્ઘજરુટ્ટ) નું આયોજન કરવાની તૈયારી હાથ ધરી છે. ગંગા નદીના કાંઠે ટેન્ટ સિટી (ીહં ષ્ઠૈંઅ) બનાવવાની સાથે સ્થાનિક કલાકારોને રોજગારી આપવાનું આયોજન કરાયું છે. જેના માટે ગત મહિને સર્વે પૂર્ણ કરી મંજૂરી માટે ફાઇલ કલેક્ટરને મોકલી દેવામાં આવી છે.



મહત્વનું છે કે, ગત વર્ષે પણ રણોત્સવની થીમ પર ઓરિસ્સામાં ટેન્ટ સિટી બનાવવામાં આવી હતી. કચ્છનુ સફેદ રણ (ીંષ્ઠર્ુૈ ક્ષીજીી) લાખો પર્યટકને આકર્ષી શકે છે તે વાત તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી જાણતા હતા. તેથી તેઓએ ૨૦૦૭માં રણોત્સવ (ક્રિહર્ જક્રદ્ગ) ની શરૂઆત કરી હતી. જેમાં દર વર્ષે ધોરડોમાં તૈયાર કરાયેલ ટેન્ટ સિટીમાં રણોત્સવનું આયોજન થાય છે. જેમાં દેશ-વિદેશથી લાખો પર્યટકો ધોરડોના સફેદ રણને જોવા આવે છે. જેનાથી પ્રેરણા લઈ અન્ય રાજ્ય પણ રણોત્સવની થીમને અપનાવી રહ્યા છે.

ધર્મ તેમજ સંસ્કૃતિની નગરી કાશીમાં મુસાફરો વધારો કરવા માટે ગંગા પાર રેતીમા રણ મહોત્સવ ઉજવવામાં આવશે. તેનો પ્રસ્તાવ શાસનને મોકલવાની સાથે ત્રણ વિભાગોને તેની જવાબદારી આપવામાં આવી છે. કાશીમાં હેવ ટેન્ટ સિટી પણ હશે, અને સંસ્કૃતિ વિભાગ તરફથી ખુલ્લામાં વિવિધ સાંસ્કૃતિક આયોજન કરવામાં આવશે. વારાણસી વિકાસ સંસ્થાન દ્વારા જગ્યાનો સરવે કરવામાં આવ્યો છે. કછુઓ સેન્ચ્યુરી પૂરી થયા બાદ સમગ્ર વિસ્તારને રણ મહોત્સવ માટે પસંદ કરાયો છે. તેમાં લગભગ ૪૫૦ હેક્ટર ભૂમિ પર મહોત્સવનું આયોજન કરવામાં આવશે.

કાશીમાં ધાર્મિક આયોજનો, મેળા તેમજ પર્વ ઉત્સવોની સાથે જ રામનગરની વિશ્વ પ્રસિદ્ધ રામલીલાને કેન્દ્રમાં રાખીને રણ મહોત્સવની કલ્પના કરવામાં આવી છે. તે શરદીય નવરાત્રિથી વાસંતિક નવરાત્રિ એટલે કે સપ્ટેમ્બરથી ઓક્ટોબર સુધી માર્ચ-એપ્રિલ સુધી આયોજિત કરવામાં આવશે. આ સમયમાં દુર્ગોત્સવ, દશેરા, રામનગરની રામલીલા, ભરત મિલાપ, દીવાળી, દેવદિવાળી, મકરસંક્રાંતિ, પ્રયાગરાજ કુંભ વગેરે તહેવારો આવે છે. મહોત્સવનું કેન્દ્ર રાજઘાટ પુલથી લઈને રામનગર કિલ્લાની વચ્ચે અંદાજે સાત કિલોમીટર સુધી ફેલાયેલું હશે. ટેન્ટ સિટીથી બનારસ પહેલા જ પરિચિત છે. પ્રવાસી ભારતીય સંમેલન દરમિયાન એઢે ગામમાં ૪૩ એકરમાં ટેન્ટ સિટી બનાવવામાં આવી હતી. આવી જ રીતે રેતીમાં ટેન્ટ સિટી બનાવવામાં આવશે. આ અસ્થાઈ હશે, પરંતુ તેમાં સુવિધા ફાઈવ સ્ટાર હોટલ જેવી હશે.

## હેટ ક્રાઈમ : કેલિફોર્નિયામાં ઉપદ્રવીઓએ ગાંધીજીની પ્રતિમા તોડી



કેલિફોર્નિયા : અમેરિકાના કેલિફોર્નિયામાં એક પાર્કમાં મહાત્મા ગાંધીની પ્રતિમાને અજાણ્યા ઉપદ્રવીઓએ તોડી દીધી. આ ઘટના સામે આવતા દેશભરમાં ભારતીય-અમેરિકન સમુદાય ભારે રોષ જોવા મળી રહ્યો છે. આને 'હેટ ક્રાઈમ' ગણાવીને અધિકારીઓથી ગુનેગારોને વહેલી તકે ઝડપીને તેમને સજા કરવાની માંગ કરવામાં આવી છે.

૬ ફૂટ ઉંચાઈ અને આશરે ૩૦૦ કિલો વજનની આ બ્રોન્ઝની પ્રતિમા ડેવિસ સેન્ટ્રલ પાર્કમાં હતી. તેને જોતા, એવું લાગે છે કે તે ઘૂંટણના નીચે પગના ભાગથી કાપવામાં આવી છે. ચહેરો ક્ષતિગ્રસ્ત છે. ૨૭ જાન્યુઆરીની સવારે એક પાર્કના એક કર્મચારીએ પ્રતિમાને જોઈ હતી. ડેવિસના કાઉન્સિલમેન લ્યુકસ ફ્રેરિશના જણાવ્યા અનુસાર તપાસ સુધી પ્રતિમાને હટાવવામાં આવી રહી છે. તપાસકર્તાઓને હજી સુધી ખબર નથી કે શા માટે આ પ્રતિમાને પાડી દેવામાં આવી છે.

ડેવિસ પોલીસ વિભાગના ડેપ્યુટી ચીફ પોલ ડોરોશોવે સ્વીકાર્યું કે શહેરના એક સમુદાય માટે પ્રતિમાનું સાંસ્કૃતિક મહત્વ છે. આવી સ્થિતિમાં, તેની ગંભીરતા સમજી શકાય છે. આ પ્રતિમાને ભારત સરકારે ડેવિસને દાનમાં આપી હતી, જો કે, ભારતમાં લઘુમતીઓના સંગઠન (ઓએફએમઆઈ)એ તેનો વિરોધ કર્યો છે અને તેને હટાવવાની માંગ કરી છે.

બીજી તરફ ફ્રેન્ડ્સ ઓફ ઈન્ડિયા સોસાયટી ઈન્ટરનેશનલના ગૌરાંગ દેસાઈએ કહ્યું છે કે ભારત વિરોધી અને હિન્દુ વિરોધી કટ્ટરવાદી સંગઠનો અને ખાલિસ્તાની અલગાવવાદીઓએ નફરતનું વાતાવરણ ઉભું કર્યું છે. આ ઘટનાની તપાસ 'હેટ ક્રાઈમ' હેઠળ થવાની માંગ કરવામાં આવી રહી છે. તેને ફક્ત મહાત્મા ગાંધી જ નહી પરંતુ ભારતીયો અને ભારતીય અમેરિકનો સામેનો ગુનો ગણાવ્યો છે.

બીજી તરફ કેલિફોર્નિયામાં એક ખાલિસ્તાની સમર્થક સંસ્થાએ આ ઘટના અંગે ખુશી પણ વ્યક્ત કરી હતી. અમેરિકામાં ગાંધી પ્રતિમા સાથે દુર્વ્યવહાર થવાની આ પહેલી ઘટના નથી. ડિસેમ્બર ૨૦૨૦માં ખાલિસ્તાનના સમર્થકોએ વોશિંગ્ટન ડીસીમાં ભારતીય દૂતાવાસની સામેની પ્રતિમાને નુકસાન પહોંચાડ્યું હતું.

## વિઝાના નિયમો હળવા કરવામાં આવ્યા
## આનંદો : યુએઈમાં લાખો ભારતીયોને હવે નાગરિકત્વ મળી શકશે

દુબઇ : સંયુક્ત અરબ અમીરાત (છઈ) કામ કરતા લાખો ભારતીયો માટે સારા સમાચાર છે. યુએઈએ શનિવારે જાહેરાત કરી હતી કે તે વ્યાવસાયિક વિદેશી નાગરિકોને તેની નાગરિકતા આપશે. કોવિડ -૧૯ રોગચાળા વચ્ચે અર્થવ્યવસ્થાને પુનર્જીવિત કરવા માટે આ પગલું લેવામાં આવ્યું છે. ખાસ વાત એ છે કે અહીંના કામદારોને જ નહીં, પરંતુ તેમના પરિવારોને પણ નાગરિકત્વ આપવામાં આવશે.

દુબઈના શાસક, વડા પ્રધાન અને દેશના ઉપરાષ્ટ્રપતિ, શેખ મોહમ્મદ બિન અલ મક્તુમે જાહેરાત કરી કે કલાકારો, લેખકો, ડોકટરો, એન્જિનિયરો અને વૈજ્ઞાનિકો તેમ જ તેમના પરિવારો નાગરિકત્વ માટે અરજી કરી શકે છે. યુએઈના નાગરિક બન્યા પછી પણ તેઓ તેમની જૂની નાગરિકતા જાળવી શકે છે.

જો કે, હજી સુધી તે સ્પષ્ટ નથી થયું કે નાગરિકત્વ મેળવનારા વિદેશી નાગરિકોને પણ મૂળ નાગરિકો જેવા જ અધિકાર આપવામાં આવશે કે કેમ. હજી સુધી, અહીં કામ કરતા વિદેશી લોકોને નોકરી અથવા કામ દરમિયાન જ વિઝા મળે છે જે રિન્યુ કરવામાં આવે છે. જો કે, તાજેતરના વર્ષોમાં વિઝા નિયમો હળવા કરવામાં આવ્યા છે જેના કારણે વિશેષ રોકાણકારો, વિદ્યાર્થીઓ અને વ્યાવસાયિકો વધુ સમય દેશમાં રહી શકે છે.

## જોનસનની એક ડોઝ વાળી રસી બજારમાં મુકવાની તૈયારી

વોશિંગ્ટન : જોનસન એન્ડ જોનસનની રસીનો એક ડોઝ કોરોના સંક્રમણ સામે રક્ષણ આપે છે પરંતુ તે બે ડોઝવાળી રસી જેટલી મજબૂત નથી. તેમ છતા વિશ્વમાં જેટલી રસીની આવશ્યકતા છે તેમાં તે સહાયક છે. જે એન્ડ જે કહ્યું કે, અમેરિકા અને સાત અન્ય દેશની રસીનો એક ડોઝ મધ્યમથી ગંભીર બીમારીની સ્થિતિમાં ૬૬ ટકા પ્રભાવી છે.

અલગ અલગ ક્ષેત્રમાં પ્રભાવી રહી છે. અમેરિકામાં રસીએ સારૂ પરિણામ આપ્યું છે. જ્યાં આ કોરોનાના ગંભીર કેસમાં ૭૨ ટકા પ્રભાવી રહી. જ્યારે દક્ષિણ આફ્રિકામાં આ ૫૭ ટકા પ્રભાવી રહી છે. જે એન્ડ જેના વૈશ્વિક શોધ પ્રમુખ ડો. મિથાઈ મેમને કહ્યું કે એક ડોઝમાં જુગાર રમવો ખરેખર લાભકારક રહ્યો છે.

સમગ્ર દુનિયામાં રસીકરણમાં સામે આવેલી મુશ્કેલીઓને જોતા વિશેષજ્ઞ એક ડોઝ પર વધારે જોર આપી રહ્યા છે. પરંતુ બે ડોઝના ૯૫ ટકા પરિણામને જોતા સવાલ એ છે કે શું ઓછી સુરક્ષિત રસી સ્વિકાર્ય થશે? કંપનીએ કહ્યુ છે કે અમરિકામાં ઈમરજન્સી પ્રયોગ માટે આ એક અઠવાડિયામાં અરજી કરશે અને પછી વિદેશમાં અરજી કરવામાં આવશે. આ કંપની જૂન સુધીમાં ૧૦ કરોડ ડોઝ તૈયાર કરવાની આશા વ્યક્ત કરે છે. સાથે કંપનીને આશા છે કે અધિકારીઓ દ્વારા મંજૂરી મળતા જ તે રસી બહાર પણ મોકલાનુ શરૂ કરી દેશે. આ શરૂઆતના પરિણામ છે જેને ૪૪ હજાર વોલિન્ટિયર પર કરવામાં આવેલા અભ્યાસ બાદ તૈયાર કરવામાં આવ્યો છે અને હજુ અધ્યયન ચાલુ છે.

વેક્સિનની રેસમાં વધુ એક કંપની બજારમાં આવી શકે છે. અમેરિકી ફર્મની નોવાવૈક્સ બ્રિટેનમાં ક્લિનિકલ ટ્રાયલના અંતિમ ચરણમાં ૮૯.૦૩ ટકા પ્રભાવી રહી છે. સોથી ખાસ વાત એ છે કે આ પહેલી વેક્સિન છે જે ટ્રાયલ દરમિયાન કોરોનાના યૂકે વેરિએન્ટની સામે પ્રભાવી સાબિત થઈ છે. નોવાવેક્સના ચીફ એક્જીક્યૂટીવ સ્ટેન એર્કએ કહ્યુ કે બ્રિટેનમાં કરવામાં આવેલા ટ્રાયલના રિઝલ્ટ શાનદાર રહ્યા છે અને જેટલી અમને આશા હતી તેના કરતા સારા પરિણામ આવ્યા છે.

## સોમનાથના સમુદ્રમાં કાચની ટનલ બનાવવાનું આયોજન

અમદાવાદ : વડાપ્રધાન નરેન્દ્ર મોદી સોમનાથ ટ્રસ્ટના ચેરમેન બન્યા બાદ અહીં વિકાસ કાર્યો શરૂ કરવાની કવાયત હાથ ધરી છે. જે અંતર્ગત ૩૦૦ કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે. સાથે જ સોમનાથના ઈતિહાસને જાણવા ઉત્ખન્નની કામગિરી માટે પુરાતત્વ વિભાગની ટીમે પણ સોમનાથની મુલાકાત લીધી હતી.

ભારતના બાર જ્યોતિર્લિંગ પૈકીના પ્રથમ શ્રી સોમનાથ મહાદેવ મંદિર ટ્રસ્ટ આગામી મહિનાઓમાં સોમનાથ મંદિર સહિત અનેકવિધ બહુમુખી ભવ્ય વિકાસના કાર્યો હાથ ધરશે. સોમનાથના યાત્રિકો-પર્યટકો સમુદ્ર જીવસૃષ્ટિને માણી શકે તે સમુદ્રમાં એક કાચની ટનલનું નિર્માણ કરવામાં આવશે. જેમાં જઈને પર્યટકો દરિયાની અંદરની જીવસૃષ્ટિને નિહાળી શકશે.

સોમનાથના ટ્રસ્ટી અને સચિવ પ્રવીણ લહેરીએ જણાવ્યું, સોમનાથ મંદિરે આવતાં લોકોને આકર્ષવા માટે વિકાસ કામો હાથ ધરવામાં આવશે. જેમાં સૌથી મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ કાચની દરિયાઈ ટનલનો છે. પ્રોજેક્ટના બીજા તબક્કામાં પાર્કિંગ ડોરમેટરી વચ્ચે થીમ આધારિત કેવ મ્યૂઝિયમ બનશે. જેમાં પશુ-પક્ષ, વિવિધ સંપ્રદાય-ધર્મ અને બાર જ્યોતિર્લિંગના ઓડિયો-વિઝ્યુઅલ પ્રોજેક્ટની કામગીરી થશે.

સોમનાથના શહીદ હમિરસિંહજી ગોહિલ સર્કલથી જ સીધી લીટીમાં સોમનાથ મહાદેવ મંદિરનું સીધે સીધું દ્રશ્ય દેખાય તે અંગેનું કામ પણ કરાશે. દરમિયાન સોમનાથ મંદિર અને આસપાસના ૪ સ્થળોએ ભૂગર્ભ બાંધકામ અંગે ગાંધીનગર IIT એ રિપોર્ટમાં જે ચાર સ્થળો દર્શાવ્યા છે, તેના સંશોધન માટે પુરાતત્વ વિભાગના ડાયરેક્ટર પંકજ શર્માએ બે દિવસ સોમનાથમાં રોકાણ કર્યુ હતું. આ સ્થળોના સંશોધન અને ખનન માટે મોકલેલી દરખાસ્ત અંગેની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. સોમનાથ એસટી બસ સ્ટેન્ડનું રેલવે સ્ટેશન સામે સ્થળાંતર કરી ત્યાં નવું બસ સ્ટેશન બનાવાશે.